ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૧ || જાન્યુઆરી ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૧

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

# V. P. & R. P. T. P. SCIENCE COLLEGE



## KEY HIGHLIGHTS OF V. P. & R. P. T. P. SCIENCE COLLEGE

- Secured Rank 61 in India by National Institutional Ranking Framework (NIRF-GOI)
- Re-Accredited 'A' by NAAC, Bangalore and A+ by KCG-AAA
- College with Potential for Excellence (CPE-II)
- Awarded four star status by Gujarat State Rating Framework (GSIRF)

(Read more about this Institute on page no.: 25)

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
જાન્યુઆરી - ૨૦૨૧
વર્ષઃ ૨૩ અંકઃ ૧
સળંગ અંકઃ ૫૯૧
ISSN 0976-9609-V Vidyanagar
ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫



તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

कर्मण्येवाधिकारस्ते ।

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ

## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.

• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**प्रफुल्लनीलोत्पलशोभितानि सोन्मादकादम्बविभूषितानि।**
**प्रसन्नतोयानि सुशीतलानि सरांसि चेतांसि हरन्ति पुंसाम्।**
સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

फूले हुए नीलकमलों से सुशोभित, कलरव करते हुए कलहंसों से युक्त, निर्मल तथा शीतल जलवाले सरोवर युवकों के चित्तों को प्रफुल्लित कर रहे हैं।

श्लोक-९, चतुर्थः सर्गः (हेमंतवर्णनम्) ऋतुसंहारे


।। અતીતની અટારીએથી ।। વિદ્યાવાચસ્પતિ ભાઈકાકા- એક પ્રવર કુલપતિ
**» ભાસ્કર ન. માંકડ ........................................૦૩**

।। પ્રાથમ્ય ।। સકારાત્મક વલણની મહત્તા
**» એસ.જી.પટેલ........................................૦૬**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» મીરાં, શામળો, નથુરામ, 'ભોજો' ભગત ..............૦૮**

।। નવાં કાવ્યો ।।
**» ચંદ્રકાન્ત પટેલ 'સરલ', નિર્મલ ભટ્ટ, સંધ્યા ભટ્ટ, મંગળ રાવળ 'સ્નેહાતુર' ..................................૦૯**

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ) ખુમારી
**» ફાધર વાલેસ........................................૧૦**

।। વિશેષ ।। नज़र लगी दुनिया को
**» महेश स्टेलिन ........................................૧૦**

।। ચિંતન ।। પુણ્યભૂમિ ભારત
**» નરેશ વેદ ........................................૧૧**

।। લઘુકથા-૧ ।। બે-થાંભલા
**» આરતીબા ગોહિલ 'શ્રી'...............................૧૫**

।। લઘુકથા-૨ ।। ધ્રાસકો
**» વિજય એમ. ઝાલા ........................................૧૫**

।। વાર્તા।। છત્રી
**» મનીષા રાઠોડ ........................................૧૬**

।। લલિત-નિબંધ ।। હીંચકાનો લય
**» ડંકેશ ઓઝા........................................૧૮**

।। સમીક્ષા ।। 'મોસમનો પહેલો વરસાદ!'
**» રમેશ પટેલ ........................................૨૦**

।। જ્ઞાન-વિજ્ઞાન ।। સત્યેન્દ્રનાથ બોઝ
**» શ્યામ ખંભોળજા ........................................૨૨**

।। સાંપ્રત ।। કોવિડ-૧૯ઃ એક નવો સંદર્ભ - નવી નજરે
**» ઉજ્જ્વલ ત્રિવેદી........................................૨૩**

।। સંસ્થા પરિચય ।। V.P. & R.P.T.P. SCIENCE COLLEGE
**» Dr. Bhavesh Patel ...............................૨૫**

।। વ્યાખ્યાન ।। Convocaation Address
**» Dr. Shekhar C. Mande.........................૨૮**

।। રમત-જગત ।। જેટલા વધારે રમતનાં મેદાનો એટલાં ઓછાં દવાખાનાં
**» પી.ડી.શર્મા ........................................૩૧**

।। વિદ્યાવૃત્ત ।।
**» ૧૦, ૧૪, ૧૭, ૧૯, ૩૦, ૩૨**




ISSN 0976 – 9609

# વિદ્યાવાચસ્પતિ ભાઈકાકા- એક પ્રવર કુલપતિ

**ભાસ્કર ન. માંકડ**

વલ્લભવિદ્યાનગર એક આદર્શનગર અને એક આદર્શ વિદ્યાધામ બને એવી ચિંતનશીલ કલ્પના સાથે તેનો પ્રારંભ થયો. તેના આ સંસ્થાપક શ્રી ભાઈકાકાએ ભાવિ પેઢી ઉપર અનહદ વિશ્વાસ અને વાત્સલ્ય સાથે એનું આયોજન કર્યું. હિંમત અને સાહસથી કાર્યક્રમને આગળ ધપાવ્યો. પરિણામે પ્રદેશનો અદ્‌ભુત વિકાસ થયો શ્રી, ભાઈકાકા સિદ્ધસ્વપ્ન, સિદ્ધસંકલ્પ અને સિદ્ધપુરુષ હતા. તેમની બહુમુખી સિદ્ધિની ચાવી એક જ હતી કે તેમણે માત્ર જીવનમૂલ્યો પિછાન્યાં ન હતાં પરંતુ જીવનમાં જીવી જાણ્યાં હતાં. તેમના જીવન ઉપર દૃષ્ટિપાત કરતાં સ્પષ્ટ થાય છે કે તેમનામાં બાળપણથી જીવનઘડતર માટેના સુસંસ્કાર શરૂ થયેલા અને કૉલેજકાળ દરમિયાન પરિપક્વ થયેલા. વડીલનું આજ્ઞાપાલન અને તેઓની મનોકામના પૂર્ણ કરવાનો સહૃદય પ્રયાસ, શિક્ષક અને ધર્મગુરુ પ્રત્યેનો આદરભાવ, કુટુંબ પ્રત્યેની કર્તવ્યભાવના, અણિશુધ્ધ ચરિત્ર જાળવવાની ઝંખના, ''કર્મણ્યેવાધિકારસ્તે'' સૂત્રનો જીવનભર અમલ, ''માન અને મદનો ત્યાગ કરીને પ્રવાહપ્રેરિત માર્ગે મુદતિ આશય તરફ ચાલ્યા જવાની'' તમન્ના, વ્યવસાયક્ષેત્રે પરિશ્રમસભર જ્ઞાન ઉપયોગ માટેનું કૌશલ્ય, પદાધિકાર માટે ન્યાયપૂર્ણ સંઘર્ષવૃત્તિ, શ્રમજીવીઓ અને નિમ્ન કર્મચારીઓ. પ્રતિ સદ્‌ભાવ, પ્રશંસનીય કાર્યસિધ્ધિ સાથે સહકાર્યકરને યશ આપવાની પ્રકૃતિ તથા રાષ્ટ્રપ્રેમપ્રેરિત નિસ્વાર્થ લોકસેવા કરવાની ધગશ તેમના જીવનનાં તેજસ્વી લક્ષણો હતાં. વિદ્યાવ્યાસંગ, અવિરત અભ્યાસ અને દીર્ઘકાલીન અનુભવથી સમૃદ્ધ થઈ તે સ્વયંસિદ્ધ વિદ્યાવાચસ્પતિ બન્યા હતા. સ્વૈચ્છિક વહેલી નિવૃત્તિ સ્વીકારી એક પ્રબુદ્ધ વાનપ્રસ્થ કેળવણીકાર તરીકે જાહેરજીવનમાં પ્રવેશ્યા હતા. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો.જી. રામરેડીએ તાજેતરમાં કેળવણીકાર વિષે જે કહ્યું હતું તે શ્રી ભાઈકાકાને સંપૂર્ણ બંધ બેસતું આવે છે.

''મનની કેળવણી અને જીવનમૂલ્યના શિક્ષણને જે અર્થપૂર્ણ સાતત્યથી અંગત અને સામાજિક જીવન સાથે સાંકળી લે છે તે સાચી કેળવણીકાર છે.'' ''તેમના મત મુજબ જેમાં માનસિક, સામાજિક અને નૈતિક તાલીમનું સમગ્ર સંકલન હોય એવાં શિક્ષણને અનેરી, પૂર્ણ, સંકીર્ણ, અવિરત પ્રવૃત્તિ તરીકે જોવી જોઈએ''

પૈસા એટલે એકલી નોટો નહિ; બુદ્ધિનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. અનુભવ એ પણ પૈસો છે. એનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. કાર્યક્ષમતા એ પણ પૈસો છે. મનોવૈજ્ઞાનિક વલણ પણ પૈસો અને શ્રમ એ પણ પૈસો છે. આ બધાંનો જો સુમેળ થાય તો પૈસાનો વાંધો ન આવે. યોજનામાંથી નાણાં ઊભાં થઈ શકે'' આ જાતની આત્મશ્રદ્ધા સાથે શ્રી ભાઈકાકાએ નગરની અને યુનિવર્સિટીની યોજના વિચારી અને સફળતાથી પૂર્ણ કરી અને એક ગ્રામોદ્ધારક વિશ્વકર્મા અને કૃતનિશ્ચયી શિક્ષણપ્રણેતા તરીકે રાષ્ટ્રમાં પ્રશસ્તિ પામ્યા. તેમના વિષે શ્રી નાનુભાઈ અમીને હૃદયસ્પર્શી ભાવના વ્યક્ત કરી છે (ભાઈકાકા મેમોરિયલ લેક્ચર સીરીઝ-૬,૧૯૭૭): ''વલ્લભ વિદ્યાનગરનું સર્જન તથા ઉદ્યોગ, કેળવણી અને પ્રદેશની આર્થિક પ્રગતિ, શ્રી. ભાઈકાકાના અથાગ પ્રયત્નો અને દીર્ઘદૃષ્ટિનું પરિણામ છે. કૃષિવિષયક, ઔદ્યોગિક અને જીવનસરણી સુધારાલક્ષી ગ્રામ વિકાસની બાબતમાં અનેકને તેમજ મને ધ્યેયનો અભ્યાસ કરી ફાળો આપવા તેમણે પ્રેરણા આપી હતી. જેમણે જીવનનાં છેલ્લા ૩૦ વર્ષ દરમિયાન્ વધુ સારું શિક્ષણ અને સુધરેલી જીવન સુવિધાઓ અર્પી ગ્રામ પ્રદેશનો ઉત્કર્ષ હાંસલ કર્યો છે એવા શ્રી. ભાઈકાકા એક મહાન એન્જીનીઅર અને સામાજિક કાર્યકર હતા. યોગ્ય ટેકનોલોજીનું મહત્ત્વ અને ગ્રામપ્રદેશમાં તેની ઉપયોગિતા ઘણા એન્જીનીઅરો અને વિજ્ઞાનીઓ જેટલું સમજે છે, એના કરતાં તે સવિશેષ સમજતા હતા.''

સરદારશ્રીની છેલ્લી ઇચ્છા યુનિવર્સિટી કરવાની હતી. ઈ.સ. ૧૯૫૦થી યુનિવર્સિટીનો કાયદો ઘડી કાઢવાનો પ્રારંભ કરેલો. જ્યારે જ્યારે કોઈ અવરોધક પરિસ્થિતિ ઊભી થતી ગઈ તેનો પ્રતિકાર કરી ધ્યેય તરફ આગેકૂચ ચાલુ રાખી. સરકારની ગ્રાંટ વગર યુનિવર્સિટી ચલાવવાની જવાબદારી લેવાની હિંમત અને આત્મવિશ્વાસ દાખવ્યા અને સ્વબળે સરકાર પાસેથી પ્રથમ કુલપતિપદ હસ્તગત કર્યું. તદ્‌ઉપરાંત કુલપતિ નીમવાની સત્તા સરકારને સોંપી તેમાં પણ તેમણે ગર્ભિત દક્ષતા બતાવી. ભાવિ કુલપતિઓ આર્થિક મૂંઝવણમાં સપડાય ત્યારે સરકારે તેને સહાય કરવી પડે જ એવી અગમચેતી બતાવી અનુગામીઓને અદૃષ્ટ રક્ષણ બક્ષ્યું.

શ્રી. ભાઈકાકાએ ૧૯-૧૨-૧૯૫૫ના રોજ પ્રથમ કુલપતિપદ સ્વીકારી લીધું અને કાર્યવાહી પ્રારંભી. યુનિવર્સિટી પાસે ન હતું પોતાનું મકાન કે ન હતો કુલપતિ માટે સુસજ્જ બંગલો; ન હતાં ભિન્ન વિદ્યાશાખા માટે આલીશાન મકાનો કે ન હતી ભવ્ય લેબોરેટરી. ચારુતર વિદ્યામંડળની સુવિધાઓનો ઉપયોગ કરી વહીવટીતંત્ર ઘડી કાઢી, અધ્યાપન અને સંશોધનના કાર્યનો પ્રારંભ કરાવવાની વ્યવસ્થા કરી. આમ શ્રી. ભાઈકાકાએ શૂન્યમાંથી યુનિવર્સિટીનું સર્જન કર્યું.

આ યુનિવર્સિટી અનોખી છે તથા તેના ઉદ્દેશો અને અભિગમો પણ અનેરા છે તેને લગતાં કેટલાંક વિધાનો શ્રી. ભાઈકાકાનું ગુણગાન કરી જાય છે તેમજ તેમના પ્રથમ કુલપતિપદનું મૂલ્યાંકન કરી જાય છે. એ દૃષ્ટિએ યુનિવર્સિટીનાં દીક્ષાંત પ્રવચનોમાંથી પ્રાપ્ત થયેલાં નોંધપાત્ર વિધાનો ઉલ્લેખનીય છે.

**શ્રી. શ્રીપ્રકાશ** (૧૩-૧-૧૯૫૯): ''શ્રી. ભાઈલાલભાઈ પટેલને હાર્દિક ધન્યવાદ આપું છું. વાસ્તવમાં એ યુનિવર્સિટીના નિર્માતા છે. તેમણે પ્રેમ, સાહસ, ઉત્સાહ, સતત પરિશ્રમ અને આત્મત્યાગથી તેનું લાલન, પાલન અને પોષણ કર્યું છે અને સમૃદ્ધ સ્વરૂપમાં તેને સમાજની સેવા અર્થે સમર્પિત કરી છે. હર્ષની વાત એ છે કે તેમનાં સલાહ અને માર્ગદર્શન વિદ્યાપીઠને મળતાં રહેશે. તેમના પ્રત્યેની આપણી કૃતજ્ઞતા અને આભારવશતા કદીયે પૂર્ણ રીતે વ્યકત કરી શકીશું નહિ.''

**શ્રી. રાજેન્દ્રબાબુ** (૧૫-૧૨-૧૯૬૦): ''સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠનો પ્રારંભ કેવી પરિસ્થિતિમાં થયો અને ક્યા આદર્શો અને ઉદ્દેશોથી પ્રેરાઈને કર્મઠ કાર્યકર્તાઓ અને દાનવીર વ્યક્તિઓએ એક સ્વપ્ન સાકાર કર્યું છે, તેની કથા આરંભથી અને અંત સુધી મને જ્ઞાત છે. આ વિદ્યાપીઠની સ્થાપના માટે પસંદ કરેલ સ્થાન પહેલાં અને આજ પણ એક ગ્રામીણ ક્ષેત્ર છે, મોટાં શહેરોની ધમાલથી દૂર છે અને આધુનિક નગરોની ચમક-દમકથી પણ અપરિચિત છે. આ પ્રદેશ ખેતીવાડી અને ઉદ્યોગ માટે પ્રસિદ્ધ છે.''

**શ્રી.વી.ટી.કૃષ્ણમાચારી** (૪-૩-૬૨): ''આ વિદ્યાપીઠ અનોખી છે. તેના ઉપોદઘાતમાં અદ્યતન કલા, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરી ગામડાંઓનો પુનરુદ્ધાર કરવાનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે વ્યકત થયો છે એ નોંધપાત્ર છે.''

**શ્રી. કે.એમ. મુનશી** (૧૫-૧૨-૬૨) ''આ વિશ્વવિદ્યાલય અન્ય આવી સંસ્થાઓ કરતાં અનેરા પ્રકારનું છે. એના મૂળમાં શ્રી. ભાઈલાલભાઈ અને એમના સહયોગીઓનાં તપ ને કાર્યદક્ષતા રહેલાં છે. આ બધાં ત્યારે જ સફળ થયાં કહેવાય જ્યારે માત્ર પદવી પ્રાપ્ત કરાવવાના વ્યવહાર ઉપરાંત રાષ્ટ્રના જ્ઞાનયજ્ઞમાં સામેલ થવાનો યશ આ વિશ્વવિદ્યાલયને આપણે અપાવીએ.''

**ડો. સમ્પૂર્ણાનંદ** (૧૫-૧૨-૬૪): ''તમારી યુનિવર્સિટીને વિરલ અનેરાપણું છે કારણકે તે પ્રાદેશિક જનસમુદાયમાંથી ખડી થઈ છે. તેણે લોકો સાથેના સંબંધને જાળવી રાખ્યો છે તેમજ વિસ્તારિત કર્યો છે. ભારતમાં ભાગ્યે જ કોઈ યુનિવર્સિટીએ આવો વિક્રમ સ્થાપ્યો હોય.''

**ડો. કે.જી.સૈયદીન** (૧૫-૧૨-૬૬) ''તમારી યુનિવર્સિટીને ગત બાર વર્ષ દરમિયાન એક પછી એક સુવિખ્યાત પટેલ (ધરતી પુત્ર-લેખકનું અર્થઘટન) કુલપતિઓ પ્રાપ્ત થયા છે તે નસીબવંત ઘટના છે. તેનો શુભ આરંભ ડૉ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલથી થયો છે અને યુનિવર્સિટીના જીવનના પ્રત્યેક અંગ ઉપર તેમની છાપ હજી પણ ચમકતી દેખાય છે.'' ''મારી દૃષ્ટિએ સરદાર પટેલ યુનિવર્સિટીએ ચીલાચાલુ પદ્ધતિથી ફંટાઈને નવો રાહ ચિતરવાનો પ્રારંભ કર્યો છે. મને લાગે છે કે હજી લાંબો પંથ આગળ પડયો છે અને લાંબે પંથે જવાનું છે કારણકે સફર અનંત છે.''

**શ્રી. કાકા કાલેલકર** (૧૫-૧૨-૬૬) ''આ વિદ્યાપીઠ એના જન્મદાતા શ્રી. ભાઈલાલભાઈના એક તેજસ્વી સ્વપ્નનું પ્રકટીકરણ છે. અદમ્ય અને શુભ સંકલ્પનાના આધારે શૂન્યમાંથી એક વિશાળ સૃષ્ટિ રચી છે. તેમના અસાધારણ આત્મવિશ્વાસ અને ગુજરાતની જનતા પ્રત્યેની એમની અપ્રતિમ શ્રદ્ધા અને સહકારથી આ સ્વપ્ન સાકાર થયું છે.''



ISSN 0976 – 9609

**ડૉ. અમરીકસિંહ** (૧૫-૧૨-૭૩) ''આ યુનિવર્સિટીમાં ત્રણ વસ્તુઓ અનોખી છે. એક તો ભારતના અતિ પ્રતિભાશાળી પુત્રના નામ સાથે તે સ્થપાયેલી છે. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના એક સ્થપતિ હતા.'' ''બીજી અનોખી વસ્તુ એ છે કે આ યુનિવર્સિટી દેશના એક પ્રગતિશીલ ગુજરાત રાજ્યમાં સ્થપાયેલી છે. જ્યારે ભારતના અન્ય પ્રદેશો હજી સુપ્ત અવસ્થામાં છે અને અગતિશીલ છે ત્યારે ગુજરાત સારી સ્થિતિમાં છે અને ગતિશીલતાનું વાતાવરણ છે; કંઈક કરવાની તમન્ના છે.'' ''આ યુનિવર્સિટી તળપદી ભૂમિકા ઉપર રચાયેલી છે. તેનો પાયો પરદેશી નથી પણ ભારતીય છે. જનસમુદાય સાથે અંતર્ગત થયેલી છે. નિભાવ અને આધાર જનસમુદાય પાસેથી મેળવી લેવા પ્રયાસ કરે છે.''

**શ્રી. મોરારજીભાઈ દેસાઈ** (૪-૧-૧૯૭૮) ''શ્રી. ભાઈલાલભાઈની મહેનતથી આ યુનિવર્સિટી ઊભી થઈ અને મને કહ્યું હતું કે આ ગ્રામલક્ષી વિદ્યાપીઠ રહેશે એટલે કે અહીંયા ભણનારાઓ ગામડાંની વધારે ઇજ્જત કરશે અને તેને મહત્ત્વનાં માનશે.''

**શ્રી. આર. કે. ત્રિવેદી** (૧૫-૧૨-૮૬) ''ગ્રામ પ્રદેશમાં શિક્ષણ આપતી યુનિવર્સિટીનું સ્વપ્ન શ્રી. ભાઈકાકાએ સાકાર કર્યું અને તેનું લાલન-પાલન અને પોષણ કર્યું; આ વિદ્યાનું નગર છે એવો ગર્વ આપણે લઈ શકીએ તેમ છીએ.''

ઉપરોક્ત ઉચ્ચારણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રી. ભાઈકાકાની પ્રતિભા સમયના પ્રવાહ સાથે વિસરાતી નથી બલ્કે વધુ તેજસ્વી, ચિરસ્મરણીય અને હૃદયસ્પર્શી બનતી જાય છે. આવા કુલપતિને માત્ર ''પ્રથમ'' કહીએ એ પૂરતું નથી, પણ પ્રવરશ્રેષ્ઠ કુલપતિ તરીકે વંદવા અને અભિનંદવા એ ઉચિત છે.

વિધિની વિચિત્રતા એ હતી કે ''પ્રવર'' કુલપતિ ''પ્રથમ'' દીક્ષાંત સમારંભમાં ઉપસ્થિત ન રહી શકયા. જે સરકારને કુલપતિ નીમવાની સત્તા વિશ્વાસથી સોંપી હતી તે સરકાર રાજકીય પરિબળોના વમળમાં બીજાં ત્રણ વર્ષ ઉદારભાવે ન આપી શકી. શ્રી. ભાઈકાકા તો ખેલદિલ અને વિશાળમન હતા. ''ઝેરનો કટોરો પી'' તેમણે તો લોકબંધુ અને લોકાધ્યક્ષ-થવાનું આત્મબળથી ભાવામૃત પેદા કર્યું.

શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ, તેમના અનુગામીને તા.૧૮-૧૨-૫૮ના રોજ સાંજના ચાર્જ સોંપી દીધો અને આ પ્રમાણે કહ્યું: ''મારે તો નિરાંત થઈ ગઈ. યુનિવર્સિટીની જવાબદારીને લીધે હું જાહેરહિતનાં બીજાં કામોમાં ભાગ લઈ શકતો ન હતો. જેથી ઈશ્વરનો આભાર માનો કે મુંબઈ સરકારની બાટલીમાં હું પૂરાઈ રહ્યો હતો તે બૂચ ખોલીને મને છૂટો કર્યો.''

શ્રી. બાબુભાઈના વ્યકિતત્વ માટે તેમને માન હતું. અને તેમના હાથ નીચે યુનિવર્સિટીનો વિકાસ થશે એવી શ્રદ્ધા હતી. યુનિવર્સિટીએ તા. ૧૪-૧-૧૯૫૯ના રોજ ભાવભર્યો ઠરાવ કરી શ્રી. ભાઈકાકાની અપ્રતીમ કદર કરી. તદુપરાંત દ્વિતીય અને વિશિષ્ટ દીક્ષાંત સમારંભ (૧૨-૧૧-૫૯) વખતે શ્રી. ભાઈકાકાને માનદ્ ડૉકટર ઑફ સાયન્સની પદવી એનાયત કરી. તે પ્રસંગે ભારતના વાઈસ-પ્રેસીડન્ટ શ્રી. સર્વપલ્લી રાધાકૃષ્ણને યુનિવર્સિટીના ઉત્થાનમાં તેમના યોગદાનને બિરદાવ્યું. આમ શ્રી. ભાઈકાકા પ્રકટ સ્વરૂપે ''વિજ્ઞાનાધિપતિ'' બન્યા.

જ્યારે તે ગુજરાત સ્વતંત્ર પક્ષના પ્રમુખ હતા ત્યારે ખૂબ પ્રવૃત્ત રહેતા છતાંય નૂતનવર્ષાભિનંદનના મારા પત્રમાં મેં વિદ્યાનગરના વિકાસનો પ્રતિભાવ જાણવા ઇચ્છા દર્શાવેલી ત્યારે પત્રમાં ''આપણે સારી પેઠે વાતો કરીશું'' એમ લખી મુલાકાત આપેલી. આ મિલન વખતે તેમણે સ્પષ્ટ કહેલું કે ''વિદ્યાનગરનો વિકાસ ધારણા કરતાં ઘણો વિશેષ થયો છે અને તેનો મને સંતોષ છે.'' આમ એ સદૈવ નિર્લેપ હતા. સંતોષ અને આશા તેમના કર્મયોગરથના બે બળદો હતા અને ઈશ્વર તેમનો સારથી હતો. આવી મહાવિભૂતિને શત શત વંદન હો!

(-'ભાઈકાકા શતાબ્દી' ગ્રંથમાંથી સાભાર)

## સકારાત્મક વલણની મહત્તા

એસ.જી.પટેલ

નકારાત્મક વલણ આપણા માટે તેમજ આસપાસના લોકો માટે હાનિકારક હોય છે. જીવન અને પોતાના પ્રત્યેનો નકારાત્મક અભિગમ લાંબો સમય ચાલે તો તે વલણમાં બદલાવ લાવવો કઠીન થઈ જાય છે. પણ જો આપણી જાતે પોતાની તેમજ વિશ્વ તરફ જોવાની દૃષ્ટિ બદલવા તૈયાર હોઈએ તો પોતાના પ્રયત્નથી જરૂર કરી શકીએ તે માટેની શરૂઆત આપણા વલણોનાં પરીક્ષણ દ્વારા કરી શકીએ, ત્યાર પછી તેમાં સુધારો કરવા સહેલાઈથી શું કરવું પડે તે વિચારવું જોઈએ. છેલ્લે, મુખ્ય સમસ્યાઓના નિરાકરણ માટે કાર્ય કરવું પડે.

### આપણા વલણોનું પરીક્ષણ કરીએ

જો આપણે માની લઈએ કે દુનિયા બગડી ગઈ છે તો એ આપણું નકારાત્મક વલણ છે. આવી વર્તમાન માન્યતાઓને પડકારો. આપણી માન્યતાઓમાં બદલાવ લાવશો તો આપણા વલણોમાં સ્વાભાવિક ફેરફાર દેખાશે. યાદ રાખો કે કેટલીક માન્યતાઓ વ્યક્તિલક્ષી હોય છે જેને સમજવા જુદી જ દૃષ્ટિ કેળવવી પડે. તેથી ચકાસો કે આપણી સમજ કેવા પ્રકારની છે- વ્યક્તિલક્ષી કે સાર્વભૌમ? દા.ત. આ દુનિયા એટલે કે ગામ/શહેર સારું નથી એવી માન્યતા પરવિચાર કરશો તો ખબર પડશે કે તે જ ગામ/શહેરના લોકો એકબીજાને સંકટના સમયે મદદ કરે જ છે. આપણી આસપાસના વિશ્વ વિષેના વિચારોનું પરીક્ષણ કરી લઈએ. જો આપણા વિચારો નકારાત્મક હશે તો આપણો અભિગમ પણ એવી દિશામાં લઈ જશે જેનાથી કઠીન પરિસ્થિતિઓમાં ધકેલાઈ જવાશે. નકારાત્મક ધારણાઓ બાંધી લેવાથી શક્ય છે કે જેવું વિચાર્યું હોય તેવી ઘટના બને પણ ખરી અને આપણે સંતોષ લઈએ કે મારી ભવિષ્યવાણી સાચી પડી. આવી માન્યતાઓ ભ્રામક બને છે.

આપણી પાસે આપણી આસપાસના વિશ્વ વિષે વિચાર કરવા સંપૂર્ણ સત્તા છે. આપણે જ આપણા વલણો ઊભા કરીએ છીએ, તેથી તે માટે બીજા કોઈને દોષ આપી શકાય નહીં. તેનાથી થતા લાભાલાભ માટે આપણી પોતાની જવાબદારી છે. આપણી આસપાસ ઊભા થતા સંજોગોને કદાચ આપણે બદલી શકતા નથી, છતાં જે તે પરિસ્થિતિમાં તેનો પ્રતિભાવ આપવામાં આપણે જરૂરથી સાવચેત રહી શકીએ. આપણા રોજિંદા જીવનમાં કેટલાક અભિગમો વ્યક્તિલક્ષી હોય છે. જેનો આધાર આપણી વિચારસરણી છે. જો આપણને આપણા વ્યવસાયથી સંતોષ ન હોય તો સમજવું પડે કે આપણું ધંધા પ્રત્યેનું વલણ જ વિઘાતક છે. આ જ પરિસ્થિતિને જુદા દૃષ્ટિકોણથી વિચારીએ કે દુનિયાના ઘણા લોકોને રોજનો રોટલો જે તે દિવસની કમાણી પર અવલંબિત છે, જ્યારે મારો વ્યવસાય જ મારા કુટુંબનું ભરણપોષણ અને બીજાને પણ મદદરૂપ થવાય એવો છે. આમ, પરિસ્થિતિને મૂલવવા માટેનું ધ્યાનકેન્દ્ર પુનઃ વિચારણા માગી લે છે.

આપણે જેવા દૃષ્ટિકોણથી પરિસ્થિતિને મૂલવીએ છીએ તેને અનુરૂપ જ આપણાં વલણો બંધાતાં હોય છે. દા.ત. આપણને ધાર્મિક પ્રવૃત્તિઓ ધરાવતા લોકો તરફ ઝૂકાવ રહેતો હોય તો તેઓ પણ આપણને એના જેવી જ પ્રવૃત્તિઓમાં જોડાવવા અભિપ્રેરિત કરશે એટલે કે, જો આપણે આપણા વલણમાં સુધારો કરવા ઈચ્છતા હોઈએ તો એ શુભકાર્યની શરૂઆત આપણાથી જ કરવી જોઈએ.

**નાના ફેરફાર પહેલા કરીએઃ** આપણા જીવનમાં નાનામોટા લક્ષ્યાંક સાથે આપણે જીવીએ છીએ. ભૂલેચૂકે અશક્ય લાગે તેવું લક્ષ્ય લઈ બેસીએ તો સફળતા મળતી નથી. પરંતુ આપણામાં નકારાત્મક વલણ ઘુસી જાય છે જેને મન્સા-વાચા-કર્મણાથી કાઢવું અઘરું થઈ પડે છે. વળી, આપણો સિદ્ધિપ્રેરણા આંક નીચે ઊતરી જાય છે. હંમેશાં આપણી શક્તિઓની મર્યાદામાં રહી ઉચ્ચ શિખરો સર કરવા માટે નાના નાના ટૂંકાગાળાના લક્ષ નક્કી કરી કામ કરતા રહીએ તો મહાનતા સુધી પહોંચી શકાય. આવા મહાનતાના માર્ગ પર ચાલતાં નિષ્ફળતાઓનો સામનો કરવો પડે તો ગભરાવાની જરૂર નથી. નિષ્ફળતા જ આપણામાં શક્તિવર્ધકનું કામ કરે છે. યાદ રાખો કે આપણી બૌદ્ધિક ક્ષમતા અને કૌશલ્યકલા મર્યાદિત નથી. તેમાં સમય અને સંજોગો પ્રમાણે પ્રગતિ થતી હૌય છે. નિષ્ફળતા જ નવું જાણવા અને શિખવાની તક પુરી પાડે છે.

જો આપણને વધારે સકારાત્મક વલણો અપનાવવામાં અગવડ પડતી હોય તો આપણા ચહેરા પર હાસ્યનો ભાવ લાવવા પ્રયત્ન કરવો કેટલાક વૈજ્ઞાનિક અભ્યાસ સંશોધનો પરથી ફલિત થયેલ છે કે વ્યક્તિના મુખ પરના સ્નાયુઓ અને તેમની ભાવનાત્મક લાગણીઓ વચ્ચે દ્વિદિશીય સંબંધ હોય છે. સામાન્ય રીતે આપણે ખુશ હોઈએ તો ચહેરા પર હાસ્યની ચમક આવે છે, તેની જેમ આપણે હસીએ તો પણ ખુશી અનુભવીએ છીએ આપણે આસપાસના લોકો પાસેથી પણ ઘણું શિખીએ છીએ. કેટલાક લોકોની રહેણી-કરણી તથા વાર્તાલાપ કરવાની રીતભાતથી અથવા એમના જીવનની વિકાસગાથા સાંભળવાથી પ્રેરણા મળે


ISSN 0976 – 9609

છે. આપણા સંપર્કમાં આવતા લોકોના દોષો જોવાને બદલે એમની ક્ષમતાઓ અને કૌશલ્યોમાં રહેલો સકારાત્મક ભાવ જોવાથી આપણા જીવન પ્રત્યેના વલણોમાં સુધારો જોવા મળશે. કોઈકવાર અઘટિત ઘટનાના ભોગ બની જવાય છે, તેવા સંજોગોમાં પણ વિચાર કરો કે આ જે કંઈ થયું છે તે મારા ભલા માટે જ થયું છે. ક્ષણિક એ દુ:ખદ લાગે પણ આપણો ભાવ શુદ્ધ રાખીએ તો લાંબા ગાળે એ ઘટના આપણા માટે ઉપકારક નીવડતી હોય છે. આપણે નવરાશની પળોમાં ઘણીવાર સ્વ સાથે સંવાદ કરીએ છીએ, જેમાં વણબોલાયેલ શબ્દો પણ આપણા માનસ પર એની અસર છોડી દે છે. આપણા સ્વ-સંવાદમાં ક્યાંક અણગમો ઊભો થાય છે, કારણ કે આપણી પાસે સત્તાવાર સાચી માહિતીનો અભાવ હોવાથી વિકૃત ધારણાઓ સવાર થઈ જાય છે.

આપણા જીવન પ્રત્યેના વલણમાં સુધારો લાવવા માટે બીજાઓની ભૂલોને માફ કરી દેવી જોઈએ. આ જગતમાં કોઈ માણસ સર્વાંગ સપૂર્ણ હોતો નથી. માણસ માત્ર ભૂલને પાત્ર છે એમ સમજી લેવાથી આપણે બીજાને સરળતાથી માફ કરી શકીએ છીએ. તેનાથી આપણી નકારાત્મક લાગણીઓ નાશ પામે છે અને શારીરિક સ્વાસ્થ્ય સારું થાય છે. કોઈકને માફ કરવાનો ગુણ કેળવવા સૌથી પહેલાં ઉદાર દિલ બનવું પડે કોઈને માફી આપવાથી માફી મેળવનારને તો રાહત થાય તેના કરતાં માફી આપનારને વધારે ફાયદો થાય છે કારણ કે માફ કરવાથી માનસિક શાંતિની અનુભૂતિ થાય છે. અહિયાં કાળાં ડિબાંગ વાદળોમાં સીલ્વર લાઈનીંગ જોવા જેવી ઘટના કહી શકાય.

**મોટા ફેરફાર માટે સજ્જ બનીએ:** જીવનની નાની-મોટી સમસ્યામાં અતિશય ચિંતન ટાળવું. આપણને નાપસંદ હોય તેવી બાબતોનો વારંવાર વિચાર કરવાથી આપણા જીવનમાં દુ:ખી થવાના દિવસો વહેલા શરૂ થઈ જાય છે. આવું એટલા માટે થાય છે કે માનવ જે કંઈ વાતનું વારંવાર રટણ કરે તે તેના ભવિષ્યમાં બને જ છે. ભવિષ્ય ઉજ્જવળ બનાવવા ઈચ્છો તો હંમેશાં સકારાત્મક વિચારો જ કરવા. કેટલીકવાર પરિસ્થિતિ આપણી કાબુ બહાર હોવા છતાં આપણે સતત ચિંતા કર્યા કરીએ તો આપણામાં નકારાત્મકતા વધે છે. આપણામાં કુદરતી રીતે કેટલીક શક્તિઓ સાથે મર્યાદાઓ પણ હોય છે. શક્તિઓના સંવર્ધન માટે સારા સંકલ્પો કરવા અને મર્યાદાઓને સ્વીકારી લઈ તેની સાથે આનંદમય જીવન જીવવાનો અભિગમ કેળવીએ.

ભૂતકાળમાં બની ગયેલ ઘટનાઓને વાગોળવાનું ટાળો ભૂતકાળના અનુભવોમાંથી બોધપાઠ લઈ ભવિષ્યના આયોજનમાં સાવચેતી રાખો તો સફળતાઆંક આપોઆપ સુધરી જશે. યાદ રાખો કે ભૂતકાળની ઘટનામાં આપણે કંઈ જ બદલી શક્તા નથી, જ્યારે ભવિષ્ય માટે આપણે અપેક્ષિત ફેરફાર કરી શકીએ છીએ. રોજિંદા જીવનમાં આપણે જે કંઈ મેળવીએ છીએ તે બદલ આભાર માનવો અને સ્વીકૃતીભાવ કેળવવામાં કૃતજ્ઞતા દાખવવી જોઈએ. કૃતજ્ઞતાથી આપણું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે છે અને સંબંધોમાં નમ્રતા અને મધુરતા વધે છે. તેનાથી આપણા જીવન તરફના વલણો સબળ બને છે.

આપણા સંકલ્પો, લાગણીઓ અને ભાવનાઓમાં સતત જાગરૂક્તા લાવવાથી આપણે વધારે સજાગ બનીએ છીએ. સંશોધનના અહેવાલ પરથી સાબિત થાય છે કે આપણી જાગૃતિના પ્રમાણમાં આપણું તન-મન-ધન સ્વસ્થ બને છે. સજાગપણું વધારવા માટે આપણી આસપાસના પર્યાવરણ પ્રત્યે ધ્યાન રાખવું. શાંતચિત્તથી આપણા શ્વાસોશ્વાસની પ્રક્રિયા સાથે તાલમેલ જાળવીએ. આપણા મનમાં ઉભરી આવતા સદવિચારો પ્રમાણેનું કાલ્પનિક વિશ્વ ઊભું કરો. તેમાં શું સારું, શું ખોટું તેના નિર્ણયો ન કરો. સ્વીકાર કરો કે આપણી કલ્પના મુજબની ઘટનાઓ બની રહી છે અને એનાથી આપણે લાભન્વિત થઈ રહ્યા છીએ.

જ્યાં અને જ્યારે તક મળે ત્યારે સ્વયંસેવક બની બીજાઓ માટે મદદરૂપ બનો. નિ:સ્વાર્થ ભાવે સેવા કરનારની દૃષ્ટિ અને સૃષ્ટિ હંમેશાં ઉત્સાહવર્ધક પોતાના માટે અને બીજાઓ માટે બને છે. ભગવાને આપણને જે શરીર આપ્યું છે તેને સહર્ષ સ્વીકારો બીજાઓના દેખાવ સાથે આપણી કોઈ સરખામણી ન કરો. આપણી જાતનો સ્વીકાર અને પોતાના પ્રતિ પ્રેમભાવ આપણા જીવન પ્રત્યેના અભિગમમાં જરૂર હૂંફ આપે છે.

ખાવાપીવામાં પરેજી પાળવાને બદલે સમતોલ આહાર લઈએ જ્યારે પરેજી પાળીએ ત્યારે આપણા મનમાં એવો ભાવ ઉત્પન્ન થાય છે કે મારા શરીરમાં કંઈક ગરબડ છે માટે ખાવામાં નિયંત્રણ રાખવું પડે છે. પ્રમાણસર ભૂખ લાગે ત્યારે જમો. નિયમિત કસરત અને પૌષ્ટિક આહાર આપણું શારીરિક તંદુરસ્ત વલણ ધરાવતું જીવન બનાવે છે.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

## ભવના ફેરા નહિ ટળે રે

**મીરાં**

આતમાને ઓળખ્યા વિના રે...
લખ ચોરાશી નહિ તો મટે રે...એ...જી,
ભ્રમણાને ભાંગ્યા વિના રે, ભવના ફેરા નહિ તો ટળે રે જી.

કોયલ ને કાગ રે રંગે રૂપે એક છે હો...જી,
એ ઈતો એની બોલી થકી ઓળખાય રે...
આતમાને ઓળખ્યા વિના રે,
લખ ચોરાશી નહિ તો મટે રે...એ...જી.

હંસલો ને બગલો રે રંગે રૂપે એક છે હો...જી,
એ ઈતો એના આહાર થકી ઓળખાય રે...
આતમાને ઓળખ્યા વિના રે,
લખ ચોરાશી નહિ તો મટે રે... એ...જી.

સતી અને ગુણકા રે રંગે રૂપે એક છે હો.....જી,
સતી નારી સેવા થકી ઓળખાય રે,
આતમાને ઓળખ્યા વિના રે,
લખ ચોરાશી નહિ તો મટે રે....એ....જી.

ગુરુના પ્રતાપે બાઈ મીરાં બોલિયાં હો....જી,
દેજો અમને સંત ચરણમાં વાસ રે,
આતમાને ઓળખ્યા વિના રે,
લખ ચોરાશી નહિ તો મટે રે... એ...જી.

## તમે ખોટી કલ્પના

**શામળો**

તમે ખોટી કલ્પના શીદને કરો રે
ધણીએ ધાર્યું હોય તેમ થાય......(ટેક)

માનવ જાણે મેં કર્યું કરતલ દૂજો કોય,
અણધારી એવી કરે તારા દિલમાં કે ચિત્તમાં ન હોય....તમે૦

માનવને તો માયા વ્હાલી, માગે ધન ને માલ,
માગ્યાં સુખડાં જો મળે તો, શીદ ફરે બેહાલ....તમે૦

માનવ માગે દીકરા ને માગે પુત્ર પરિવાર,
સુખ સંપત ને સાયબી માગે, માગે છે હાથી ઘાડાર....તમે૦

ગુરુ પ્રતાપે ગાય 'શામળો', મન મત બન તું ખુવાર,
પાંજર તેનું પ્રારબ્ધ બને, ઈ તો લોઢું જાણે લુવાર....તમે૦

## જૂઠી રે કાયા રાણી

**નથુરામ**

જૂઠી રે કાયા રાણી જૂઠું ન બોલો, વઢશે તુંને તારો ઘડનારો;
જૂઠી કાયા જૂઠી માયા, જૂઠ જગ ફરમાયા રે...(ટેક)
અંત કાળે જાવું એકલું, મરમ કોને ન પાયા રે... જૂઠી૦
આરે જગતમાં વહેલા વળશો, આવી ભાવટમાં ભરાણા;
સગાં કુટુંબની લાલચ લાગી, તિરિયાસ બોલે બંધાણા રે... જૂઠી૦
આહીં પદારથ મોટું પામ્યા, ભજન કરી લે ગુરુદેવનાં;
દૂધપુત્ર, ઘર અને ધનલક્ષ્મી, ઈ ફળ છે તારે સેવાના... જૂઠી૦
આ રે જગતમાં કેંક નર ગયા, હાથી ઘોડાના ચડનારા;
ઘટ ભીતર ગુણ ગાવે નથુરામ, આંહી નથી કોઈ રહેનારા...જૂઠી૦

## જીવને શ્વાસ તણી સગાઈ

**'ભોજો' ભગત**

જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ.
બાપ કહે છે બેટો મારો, માતા મંગળ ગાઈ;
બ્હેની કહે છે બંધવ મારો, ભીડ પડે ત્યાં ભાઈ.... જીવને૦

લીપ્યું ને ગુંપ્યું આંગણું, ને કાઢ્યા વેળા થઈ;
અડશો મા તમે અભડાશો, એમ લોક કરે ચતુરાઈ...જીવને૦

ઘરની નારી ઘડી ન મૂકે, અંતે અળગી રહી;
'ભોજો' ભગત કહે કંથ વળાવી, તરત બીજાને ગઈ...જીવને૦

 ISSN 0976 – 9609

## એ જ્ઞાન દે

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

છંદબંધારણઃ
ગાલગાગા-ગાલગાગા-ગાલગા

દઈ શકે તો એવું તું વરદાન દે.
બેય હાથોમાં કાયમ સુકાન દે.
ઝંખના ક્યાં છે જગતનું જ્ઞાન દે.
સૌની માથે હાથ રહે એ ભાન દે!
ઘુઘવે દરિયાની જેમ જ રાત-દી,
ઓસરે ના પૂર એ મુશ્કાન દે.
સૌની સામે માનભર ઊભો રહું,
સૌની સામે એવી તું પહચાન દે.
ભેંસ, બ્રાહ્મણ, ભાજી ને નારી, એને-
ઝૂંટવીને જળ ન તું સન્માન દે!
ઊડતું પંખી જોયું છે આભમાં,
પગને હે ઈશ્વર એવી ઉડાન દે
લાજ કાઢી લાજ બે ઘરની રાખે,
દીકરીને દાયજે એ જ્ઞાન દે!
તું વિચારો દે, ને એ જુવાન દે;
ઘરડા વિચારોના ન ઓધાન દે!

C/O, ''સંસ્કૃતિ દર્શન'' કાર્યાલય, રતનપરા શેરી-૦૧, બાગદરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જૂનાગઢ) મો.નં.:૮૭૩૫૯૦૨૪૨૪

## વસંત-દરબાર

**(શિખરિણી)**

**સંધ્યા ભટ્ટ**

સવારી આવી છે કુસુમિત પ્રફુલ્લિત દ્રુમની.
મહેકી ઊઠી છે વનઉપવને આમ્રઘટના.
સમગ્રે લહેરાયા સુરભિત અને રમ્ય પડદા
અહોહો! જાણે કે ખુદ પ્રકૃતિનું મંચન અહીં.

ગુલાલી છાઈ છે ગગનભરમાં શી અવનવી,
પ્રભાતે સંધ્યાએ નમન કરતી જાણે ધરતી.
અને તે ભાવોનું અનુસરણ બીજાય કરતા,
વસંતે આવીને યજનવિધિને સાદર કરી.

ઉમેરામાં આવ્યાં અવસર બની રંગશમણાં,
સમાયાં અંતરમાં વિધવિધ ઘણાં ભાવભરણાં.
ઉછળી ઉલ્લાસે જન જરી થયાં સ્હેજ હળવાં
ખરે, આકારાયું પુલકિત મધુરું નગર કો',

હવે આ સામ્રાજ્યે કમનીય કશું આજ બનશે?
ઋતુઓનો રાજા સહુ જનહિતે ફાગ રચશે?

નુતન પ્રગટ થયેલ 'સમય તો થયો' કાવ્ય સંગ્રમાથી સાભાર. મો.: ૯૮૨૫૩૩૭૭૧૪

## હું હવે નહીં હારું

**નિર્મલ ભટ્ટ**

તું કરે લાખ મને પડકારો, જિંદગી હું હવે નહીં હારું,
મિજાજ તેં નથી જોયો મારો, જિંદગી હું હવે નહીં હારું.

જો સુધા આપ કે ગરલ, મને નથી પરવા, (૨)
થઈ મીરાં હાથ ધર્યો એકતારો, જિંદગી, હું હવે નહીં હારું.

ઘાસ તરણાની મઝા મેં માણી, (૨)
વાછરુ ગાયનો બની ચારો, જિંદગી હું હવે નહીં હારું.

શ્વાસ સાંકળની કડી જે ઘણી અજાણી છે, (૨)
કોણ તોડી ગયો છે પરબારો, જિંદગી હું હવે નહીં હારું.

કોઈ પથ્થર તો બરફ કોઈ ન જાણ્યા ચહેરા, (૨)
ઝળહળે જે સદા તે હું પારો, જિંદગી હું હવે નહીં હારું.

જ્ઞાન-વિજ્ઞાન, વેદ, ના નથી ભણ્યો તો શું? (૨)
જાત જાણી લીધાનો અણસારો, જિંદગી હું હવે નહીં હારું.

લાખ નિર્મલ નદીના નીર થઈ ભળ્યા ઘેલાં (૨)
સોબતે થઈ ગયા સાગર ખારો, જિંદગી હું હવે નહીં હારું.

૧૯૩, ''કૌશિક'', શ્રીનાથજીનગર-૨, ભાવનગર(ગુજરાત). પિ-૩૬૪૦૦૨ ફોનઃ ૦૨૭૮-૨૫૬૬૨૭૭, મો.: ૯૮૯૮૯૭૦૦૬૦

## કદી હું મારામાં

**(શિખરિણી/સૉનેટ)**

**મંગળ રાવળ 'સ્નેહાતુર'**

કદી હું મારામાં અસલ ઘર જોવા સરકતાં,
મને લાધે એવું નયન પડદે દિવ્ય સ્વરૂપે-
રહે આવી સામે સ્થિર ગતિ કરીને મૃદુલ એ.
પછી કહેતી હાલો અવર નભના લાવ લણવા!

અને દૈવી કાર્યે ગહન ગૂઢ દ્વારો ઊઘડતાં;
કરે જ્યાં પૃચ્છા કો' સહજ પથ પ્રેમે મળી જતો.
પછી એ સંતોષે મુજ વતનની ધૂળ શિર પે'-
ચઢાવે ઉલ્લાસે તિમિર મનનું વ્હેમ ઘટતાં!

વિતેલાં વર્ષોના સ્મરણ પટથી થાય અળગાં
તહીં દીઠી આઘે અનગળ વહેમી-જામ ડસતી
પ્રજા સ્વાર્થી વચ્ચે સતધરમની ગોષ્ટિ કરતાં
ઘણા માર્ગે જાગ્યા સહ સહમતે બ્યાન બદલી.

મને મુગ્ધયાદે હજુ વિફળનું રૌદ્ર ખટકે;
પણે લક્ષ્યાંકોમાં મુજ મનતણું સૌમ્ય છલકે!

મુ.પો. અંબાલા, તા. બહુચરાજી, જિ. મહેસાણા પીન-૩૮૪૪૧૫, સિકોતર સેવાંશ, રમ્ય રોચક પંચવટી, અયોધ્યાનગર અંબાલા, (મો.) ૯૭૨૭૫૮૭૭૧૦

આપણો વૈભવ અને વારસો

॥ ગદ્ય વિભાગ ॥

## ખુમારી

ફાધર વાલેસ

એ ખુમારી કહેવાય. અઘરું કામ પોતે માથે લઈને એમને માટે જ સહેલું કામ રહેવા દીધું. દિલમાં ખુમારી હતી એ એણે સહજ ભાવે બહાર આવવા દીધી.

પ્રશ્નપત્રને મથાળે લખ્યું હતું : ગમે તે પાંચના જવાબ લખો. અઘરો વિષય ગણાતો હતો, એની આ છેલ્લી પરીક્ષા હતી. એમાં પરીક્ષાર્થીઓની સગવડ ખાતર વિકલ્પ આપવામાં આવ્યો હતો. સાત પ્રશ્નો પૂછ્યા હતા, એમાંથી પાંચ લેવાના હતા. એટલાનો સંતોષકારક જવાબ લખાય તો પૂરા ગુણ મળે. માટે પ્રશ્નપત્ર હાથમાં આવે કે તરત કયા પ્રશ્નોથી કેટલો ફાયદો થાય એ બરાબર તપાસીને યોગ્ય પસંદગી કરવી, એ વિદ્યાર્થીઓનું પહેલું કામ હતું.

પણ આ વિદ્યાર્થી જરા જુદી માટીનો હતો. એના હાથમાં પ્રશ્નપત્ર આવ્યો ત્યારે ''ગમે તે પાંચના જવાબ લખો'' એ સૂચના એણે પણ વાંચી. વાંચીને તે ધીમેથી હસ્યો. કુલ સાત પ્રશ્નો છે એ તેણે જોઈ લીધું, અને ક્રમમાં જે પહેલો પ્રશ્ન આવતો હતો એ લઈને તેનો જવાબ લખવા માંડયો. એ પૂરો થયો ત્યારે ક્રમમાં આવતો બીજો પ્રશ્ન લીધો, પછી ત્રીજો... એમ કરી કરીને પાંચ નહીં પણ સાતેસાત પ્રશ્નોના જવાબ લખ્યા. લખવાનું પૂરું કર્યું ત્યારે પરીક્ષાના સમયને પૂરો થવામાં થોડી મિનિટ બાકી હતી. પોતાના લખાણ ઉપર એણે એક ઊડતી નજર નાખી. સંતોષ, થયો. ને ત્યારે ઉત્તરપત્રના પહેલા પાનાના મથાળે એણે સ્પષ્ટ અક્ષરોથી લખ્યું : ''ગમે તે પાંચ તપાસો....''

તમે ગમે તે પાંચના જવાબ લખવાનું કહ્યું, તો હું ગમે તે પાંચ તપાસવાનું કહું છું. તમે સગવડ કરી. આપી, તો હું તમને સગવડ કરી આપું છું. લ્યો, ગમે તે પાંચ તપાસો. તમને તપાસતાં સહેલા લાગે એ લો. હું પણ વિકલ્પો આપું છું. તમારી પાસે ઉદારતા છે, તો અમારી પાસે પણ છે. અમારું દિલ પણ મોટું છે.

પછી વિજયના સ્મિત સાથે વિદ્યાર્થીએ ઉત્તરપત્ર નિરીક્ષકને આપ્યો.

-અરધી સદીની વાચન યાત્રામાંથી સાભાર

॥ વિશેષ ॥

## नज़र लगी दुनिया को

महेश स्टेलिन

नज़र लगी दुनिया को, कैसा मातम-सा छाया है,  
दर-बदर जहां भी देखो, जैसे मौत का साया है...

» छाई है ऐसी बेबसी, बेखौफ मौत घूम रही,  
आराम-घर अब कैद है, मेहसूस कैदे-जिंदगी रही,  
बचकर, बचाएं सबको, नारा ये हमने पाया है,  
नज़र लगी दुनिया को, कैसा मातम-सा छाया है...

» खुशियों की ऋत ढल गई, बहारे-बसंत सूख गई,  
हवा में मौत उड़ रही, डरावनी भीड़ घूम रही,  
रोको कदम को अपने, आगे ग़मों का साया है,  
नज़र लगी दुनिया को, कैसा मातम-सा साया है...

» संस्कृति की सफर में, उन्नति अतीत पाई है,  
सदियों से हर कदम पे, आशातीत सफलता पाई है,  
लेखा-जोखा आज कर लें, अब-तक हमने क्या पाया है ?  
नज़र लगी दुनिया को, कैसा मातम-सा आया है...

» है इतिहास की गवाही, आई अनेक है तबाही,  
असुरी ताकतों से डटकर, हमने विजय है पाई,  
कोरोना को मात देंगे, अभियान हमने जगाया है,  
फतेह हमारी होगी, विश्वास यह हमने जगाया है ।

आचार्यश्री, आई.बी. पटेल इंग्लिश स्कूल, वल्लभ विद्यानगर, आनंद

॥ વિદ્યાવૃત ॥

### રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સનું ગૌરવ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તેમજ આણંદ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા યોજાતા કલા ઉત્સવમાં આણંદ જિલ્લાની યોજાયેલી શાસ્ત્રીય કંઠ્ય સંગીત સ્પર્ધામાં અમન રાયઠઠ્ઠા (s.y diploma) પ્રથમ ક્રમે વિજેતા થયા. સુગમ સંગીતમાં અંજલી મેકવાન(s.y degree) દ્વિતીય ક્રમે તેમજ હાર્દિક હિંગુ (f.y Diploma) તૃતીય ક્રમે વિજેતા થયા હતા. આ તબક્કે કોલેજના કા. આચાર્યશ્રી ડૉ.ધીરુભાઈ દેસાઈએ વિજેતાઓને તેમજ ગાયન વિભાગના અધ્યાપક તસવુર મલેકને અભિનંદન પાઠવ્યા તથા વિજેતાઓને ઝોન કક્ષાએ પણ ખૂબ સરસ રજૂઆત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## પુણ્યભૂમિ ભારત

નરેશ વેદ

સોનાની લંકા ઉપર વિજય મેળવ્યા પછી લક્ષ્મણે લંકામાં ઠરીઠામ થવાનો ઈરાદો વ્યક્ત કર્યો ત્યારે શ્રી રામચંદ્રજીએ એનો ઈન્કાર કરતાં કહ્યું હતું કે માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતાં છે(जननी जन्मभूमि स्वर्गादपि गरियसी।) ભલે માતા અને પિતાએ દેશવટો અને વનવાસ આપ્યાં હતાં, ભલે ભરેલી લંકા સોનાની હોય, ભલે આપણે એના ઉપર વિજય મેળવ્યો હોય, પરંતુ આપણે આપણી માતા અને માતૃભૂમિનાં ચરણ અને શરણમાં જ વસવાટ કરવો જોઈએ, કેમકે સ્વર્ગના સુખ કરતાં પણ એ શ્રેષ્ઠતર છે. માટે આપણે આપણી માતૃભૂમિ અયોધ્યામાં જઈ વસવાટ કરીશું. એનું કારણ શું? માતાનો મહિમા તો સમજાય પણ માતૃભૂમિનો આટલો બધો મહિમા કરવાનું કારણ શું? જે ધરતીની અંદર આપણે જન્મ્યા હોઈએ, જેની માટીના કણથી આપણો દેહ ઘડાયો અને શુદ્ધ થયો હોય, જ્યાંનાં જલવાયુથી આપણા ચિત્તકોષ અને બુદ્ધિકોષ પરિપોષાયા હોય, જ્યાંની માટીમાં જ આપણા અવમૃત શરીરના અંશો ભળી અને ઓગળી જવાના હોય– એ માતૃભૂમિનું આપણી ઉપર આપણી માતા જેટલું જ ઋણ હોય છે. માટે એનો આટલો મહિમા કરવામાં અને ગાવામાં આવે છે. નોકરી, ધંધા, શિક્ષણ કે સજાને કારણે પોતાની માતૃભૂમિ અને માદરે વતનથી વિખૂટ પડેલા લોકોનો એમના માટેનો વલવલાટ અને ઝૂરાપો કેવો તીવ્ર હોય છે! વતનની દિશામાંથી આવતો વાયરો પણ એમને વહાલો લાગતો હોય છે. જનમભોમકા તરફનું ખેંચાણ એ પણ ગુરુત્વાકર્ષણ જ છે.

ભારત આપણી માતૃભૂમિ છે. આપણે તેને હિંદમાતા તરીકે નવાજીએ છીએ અને ભજીએ છીએ. કારણ કે તે આપણને જનમ દેનારી માતા જેટલી જ પ્યારી છે. આપણા દેશના અનેક કવિઓએ એનાં રૂપ અને ગુણનો મહિમા થાકયા વિના ગાયો છે. ગુજરાતના એક મૂર્ધન્ય કવિ મણિશંકર રત્નજી ભટ્ટ ઉર્ફે 'કાન્ત' એમાંના એક છે. એમણે ગાયું હતુંઃ 'ઓ હિંદ દેવભૂમિ! અમે સંતાન સૌ તમારાં, કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારા' કવિઓ ઉપરાંત આપણા ઋષિમુનિઓ અને આપણા પૂર્વજોએ પણ આપણા દેશની ભૂમિને દેવભૂમિ કે પુણ્યભૂમિ કહીને ઓળખાવી છે. એ સૌએ આપણી માતૃભૂમિ માટે આવી ઓળખાણ શા માટે આપી છે? એનો વિચાર કરીએ.

સૌ પ્રથમ તો આપણા દેશની ભૂમિને દેવભૂમિ અને પુણ્યભૂમિ એટલા માટે કહે છે; કેમકે, આપણી ભૂમિમાં ઈશ્વરે અવતારો લીધા છે. ભગવાન વિષ્ણુને ભારતીય પ્રજા ઈશ્વર તરીકે માને છે. એણે આપણી ભૂમિમાં ચોવીસ વાર અવતારો લીધા છે, એમ આપણા દેશના હિંદુધર્મના લોકો માની રહ્યા છે. જૈન ધર્મના લોકો ઈશ્વરની જગ્યાએ તીર્થંકરોમાં માને છે. એ ધર્મદર્શન પણ સ્વીકારે છે કે આપણા દેશમાં ચોવીસ તીર્થંકરો થયા છે. દુનિયાના કયા દેશની ભૂમિ એવી છે જ્યાં ઈશ્વરે મનુષ્યનો અવતાર ધારણ કરીને પ્રગટવાનું પસંદ કર્યું હોય? પરદેશોની પ્રજા પોતાને ત્યાં ઈશ્વરના પુત્રે, પયગંબરે કે મસીહાએ અવતાર લીધાની માન્યતા ધરાવે છે, પરંતુ ઈશ્વરે ખુદ અવતારો ધારણ કર્યા હોય એવો દાવો ભારત સિવાય અન્ય કોઈ દેશ કરી શક્યો નથી. જે ચોવીસ અવતારની આપણી પ્રજા વાત કરે છે, એમાંથી એમના દશ અવતારો વિશે તો ભારતીય પ્રજા બહુ સારી રીતે અવગત છે. એ છે મત્સ્યાવતાર, કૂર્માવતાર, વરાહઅવતાર, નૃસિંહાવતાર, વામનાવતાર, પરશુરામ, રામચંદ્ર, શ્રીકૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ અવતાર. જ્યારે જ્યારે આપણા દેશમાં ધર્મની ગ્લાનિ થઈ છે અને અધર્મનું સામ્રાજ્ય વિસ્તર્યું છે ત્યારે ધર્મની પુનઃ સંસ્થાપના માટે ઈશ્વરે આ ભૂમિમાં અવતાર લીધો છે. જ્યારે જ્યારે સજ્જનો, સંતો અને ભક્તોની પ્રતારણા થઈ છે ત્યારે એમના રક્ષણ અને ઉદ્ધાર માટે પણ ઈશ્વરે અવતારો લીધા છે. ઈશ્વરને પણ વારંવાર જ્યાં જન્મ લેવાનું ગમ્યું હોય તેવી ભૂમિ આપણા દેશની છે. જ્યાં ઈશ્વરે આ રીતે અવારનવાર અવતરણ કર્યું હોય એ ભૂમિને આપણે દેવભૂમિ કે પુણ્યભૂમિ ન કહીએ તો બીજું શું કહીને ઓળખાવીએ?

જેમ આપણા દેશની ભૂમિ ઈશ્વરપ્રસુતા છે તેમ ધર્મોની જન્મદાત્રી પણ છે. દુનિયામાં મુખ્ય ધર્મો બાર છે. તેમાંથી ખ્રિસ્તી, ઈસ્લામ, જરથોસ્ત્રી, યહૂદી, તાઓ, શિન્તો, કન્ફુશિયસ અને ઝેનબુદ્ધિઝમ– જેવા આઠ ધર્મો દુનિયાના જુદાજુદા દેશમાં ઉદ્ભવ્યા છે, પરંતુ આપણા દેશમાં એક નહીં ચાર ધર્મો ઉદ્ભવ્યા અને વિકસ્યા છે. એ છે સનાતન હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મ. એટલું જ નહીં આપણા દેશ ઉપરાંત વિદેશોમાં પણ પ્રચાર અને પ્રસાર પામ્યા છે. વિદેશોની કોઈ ભૂમિમાં એક તો બીજી ભૂમિમાં બીજો ધર્મ ઉદ્ભવ્યો છે. પરંતુ ભારત સિવાય એકેય દેશની ભૂમિ એવી નથી કે જ્યાં એક નહીં ચાર ધર્મો ઉદ્ભવ્યા

છે. આ કારણે ભારતીય પ્રજા ધર્મપ્રિય આસ્તિક પ્રજા છે. જો આ ચારેય ધર્મોનો આપણે અભ્યાસ કરીએ તો આપણને ખ્યાલ આવે છે કે જગતભરના તમામ ધર્મોના મહત્ત્વના બધા સિદ્ધાન્તોનો આ ધર્મદર્શનોમાં સમાવેશ થઈ ગયેલો છે. વાત આટલી જ નથી. ઈશ્વરે જાણે આ દેશની ભૂમિને ધર્મોની પ્રયોગશાળા બનાવવા ધાર્યું છે. કેમકે જગતના બારેય મુખ્ય ધર્મો આ દેશમાં છે અને એમના અનુયાયીઓ એમનું પાલન કરી રહ્યા છે. ભારતીય પ્રજા ધર્મપ્રિય આસ્તિક તો છે, પણ સાથોસાથ સહિષ્ણુ પણ છે, તેનો પુરાવો આ બધા વિશ્વધર્મોની આપણા દેશમાં ઉપસ્થિતિ છે. પોતપોતાના ધર્મમાં ઊંડી આસ્થા અને અન્ય સર્વ ધર્મો તરફ સમભાવ ભારતીય પ્રજા એટલે ધરાવે છે કે ભારત ધર્મોથી રળિયાત પુણ્યભૂમિ છે.

ભારત પુણ્યભૂમિ છે એનું ત્રીજું કારણ એ છે કે અહીંની પ્રજાની ધર્મનિષ્ઠાને કારણે આ ભૂમિની આઠેય દિશાઓમાં ધર્મનાં તીર્થસ્થાનો આવેલાં છે. પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારિકાપુરી, ઉત્તરમાં કાશીપુરી અને દક્ષિણ દિશામાં રામેશ્વરપુરી. ઉપરાંત અહીં અયોધ્યાપુરી, મથુરા પુરી અને હરિદ્વાર પુરી પણ છે. આ ભૂમિમાં ઈશ્વરના અંશાવતાર, પૂર્ણાવતાર, કલાવતાર-એમ બધાં અવતારો પૈકી શ્રી રામચંદ્રજી, શ્રીકૃષ્ણ, ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ અને ભગવાન કલ્કિનાં મંદિરો છે. અહીં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં મંદિરો છે, તેમ મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલીનાં મંદિરો પણ છે. પંચાયતના પાંચ દેવ-દેવીઓ-ગણપતિ, વિષ્ણુ, આદિત્ય, ભગવતીચિતી પરામ્બિકા અને મહેશનાં મંદિરો છે, તેમ મા દુર્ગાનાં નવરૂપનાં મંદિરો પણ છે. અહીં વિષ્ણુનાં શ્રીનાથજી, તિરુપતિ બાલાજી, પદ્મનાભ અને વિઠ્ઠલા જેવાં અન્ય રૂપોનાં મંદિરો પણ છે. અહીં સૂર્યનાં આદિત્ય-નારાયણ, સવિતાનારાયણ, યજ્ઞનારાયણ, માંડવરાય જેવાં જુદાંજુદાં રૂપોનાં મંદિરો છે. આ ભૂમિમાં પદ્માવતી અને નાગમતિનાં મંદિરો છે. પ્રભુના પ્રિય સેવકો હનુમાનજી અને ઘટાકર્ણજીનાં પણ મંદિરો છે તો અહીં શિરડીના સાંઈ, સત્ય સાંઈ અને પ્રેમસાંઈનાં મંદિરો પણ છે. તેમ બશેશ્વર, સંતરામ, જલારામ, કબીર, નરસિંહ મીરાં, ગૌરાંગ જેવા કેટલાય સંતોના પણ મંદિરો છે. આ ઉપરાંત દેશમાં વૈષ્ણવ, શક્તિ, શૈવ સંપ્રદાયોનાં પણ અનેક મંદિરો છે. જૈનધર્મના, બૌદ્ધધર્મના, શીખધર્મના, ઈસ્લામધર્મની મસ્જિદો, ખ્રિસ્તીધર્મ, યહૂદીધર્મ, જરથોસ્ત્રીધર્મનાં પણ અનેક મંદિરો છે. આપણી આ ભૂમિમાં મંદિરો, દેવળો, સિનેગૉગ, અગિયારીઓ અને ગુરુદ્વારાઓ ગણી ન શકાય એટલી સંખ્યામાં છે. ભારતીય લોકો-જો હિંદુ હોય તો મંદિરોની પરિક્રમા કરે છે. એ ઉપરાંત ગિરનાર જેવા પર્વતની, નર્મદા જેવી નદીની, વડ જેવા વૃક્ષની પણ પરિક્રમા કરે છે. ચોરાસી કોશની વ્રજ પરિક્રમા કરે છે. પરિક્રમાની જેમ દેવદેવીનાં મંદિરોના દર્શનાર્થે યાત્રાપ્રવાસ અને તીર્થાટન પણ એટલા જ કરે છે. બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, વૈષ્ણવોદેવી, યલ્લમા દેવી, કામાખ્યા દેવી જેવાં તીર્થો ઉપરાંત સોમનાથ, શ્રીશૈલમ, ઉજ્જયિની, મમલેશ્વર, પરલ્યાં, આણંદી, રામેશ્વર, દારુકાવન, વારાણસી, હિમાલયતટ અને ગોમતી તટે આવેલાં દ્વાદશ જ્યોતિર્લિંગના દર્શનાર્થે તીર્થાટન કરે છે. જૈન લોકો શત્રુંજય અને સમેતશિખરજીની યાત્રા કરે છે. બૌદ્ધો સારનાથ અને લુમ્બિનીની યાત્રા કરે છે. જે દેશની ભૂમિ ઉપર આટઆટલાં ધર્મો, સંપ્રદાયો, પંથો અને મતોનાં સ્થાનકો હોય, જ્યાંની પ્રજા ઊંડી આસ્થા અને અડગ શ્રદ્ધાથી સેવા ધરમના આ બધાં ધામો અર્થે સતત યાત્રાપ્રવાસો અને પરિક્રમાઓ કરતાં હોય, તેને આપણે દેવભૂમિ કે પુણ્યભૂમિ ન કહીએ તો શું કહીએ?

ભારતભૂમિ પુણ્યભૂમિ એ કારણે પણ છે કે અહીં કેટલાય ઋષિમુનિઓ અવતર્યા હતા. જે તપ, યજ્ઞ અને સ્વાધ્યાય વડે સત્ અને ઋતના સ્વરૂપ અને કાર્યને ઓળખે અને ઓળખાવે તે ઋષિ તથા જે શાસ્ત્રવચનો અને ગુરુવચનોનું મનન કરે મુનિ. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ, વશિષ્ઠ, વાલ્મીકિ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્કય, અત્રિ, ગૌતમ, કણાદ, ભારદ્વાજ, ઉપરાંત, સત્યર્ષિ સત્યકામ, બ્રહ્મર્ષિ સયુગ્વા રૈકવ, દેવર્ષિ વરુણ, શ્રુતર્ષિ ઉદાલક, રાજર્ષિજનક, પ્રવાહણ, ગાર્ગાયન જેવા ઋષિઓ, માંડૂકય, પિપ્પલાદ વગેરે જેવા મુનિઓએ આપણી પ્રજાને બ્રહ્મ અને બ્રહ્માંડનાં વ્યષ્ટિ અને સમષ્ટિનાં ઉદ્ભવ, સ્વરૂપ અને કાર્યનાં રહસ્યો પ્રગટ કરી આપ્યાં છે આ ઋષિમુનિઓએ ચૌદ તત્ત્વદર્શનો આપણે ત્યાં વિકસાવ્યાં છે. એમાંના છ દર્શનો-સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા-એ વિચારની સૂક્ષ્મતા અને ગહનતા સાથે જે તત્ત્વચિંતન કર્યું છે તેને ઈમેન્યૂઅલ કાન્ટ, મેક્સમૂલર, શૉપનહૉવર, આલ્બર્ટ આઈન્સ્ટાઈન વગેરે અનેક વિદેશી વિદ્વાનોએ માનવજાતના અમૂલ્ય વારસારૂપ ગણાવ્યું છે. આ ઋષિમુનિઓએ સ્મૃતિ, શ્રુતિ અને સંહિતા ગ્રંથોની સાથોસાથ બ્રહ્મસૂત્ર, ધર્મસૂત્ર, અર્થસૂત્ર, કામસૂત્ર, મોક્ષસૂત્ર, આગમસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર,


ISSN 0976 – 9609

કલ્પસૂત્ર, લોગસ્સસૂત્ર, તત્ત્વાર્થાધિગમસૂત્ર જેવા સૂત્રગ્રંથો, વિદુરનીતિ, ચાણક્યનીતિ જેવા નીતિગ્રંથો, 'રામાયણ' અને 'મહાભારત' જેવાં ઇતિહાસ ગ્રંથો, 'બ્રહ્મવૈવર્ત', 'વિષ્ણુ', 'ગરુડ', 'અગ્નિ', 'શ્રીમદ્‌ભાગવત' જેવા અઢાર પુરાણો અને અનેક ઉપપુરાણો સર્જ્યાં હતાં. બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો અને ઉપનિષદગ્રંથોમાં કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ રચી આપણી પ્રજાનું માર્ગદર્શન કર્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષને જીવનના ચાર પુરુષાર્થો ગણાવી એમનું જ્ઞાન આપતાં અનેક ગ્રંથો આપ્યા છે. એમાં એમણે મનુષ્યે આ જગતમાં જન્મ ધારણ કર્યા બાદ કયા ધર્મ અને કર્મ બજાવવાના હોય છે એની પૂર્ણ સમજ આપી છે. સમગ્ર વિશ્વમાં એક ભારતની પ્રજા એવી સદ્‌ભાગી છે, જ્યાં એના પૂર્વજોએ એમનાં સંતાનોને માટે જીવનનું આખું વ્યાકરણ રચી આપ્યું છે. આ દૃષ્ટાંત વિરલ છે. જગતમાં એનો જોટો જડે એમ નથી.

ઋષિમુનિઓની તાત્ત્વિક અને ગૂઢ વાતોને આ દેશના ખૂણે ખૂણેથી આવેલા સૂરદાસ, તુલસીદાસ, રૈદાસ, કબીર, ધરમદાસ, મલૂકદાસ, એકનાથ, તુકારામ, જ્ઞાનેશ્વર, રજ્જબ, નાનક, દાદુ, નરસિંહ, મીરાં, આનંદઘનજી, રસખાન, શંકર, ભીમ, વેમન, બસેશ્વર, લલ્લેશ્વરી, કાન્હોમાત્ર, અંડાળ જેવા અનેક ભક્ત અને સંત કવિઓએ સાદી સરળ વાણીમાં આમજનતાને પહોંચાડી છે. ગોરખનાથ, મત્સ્યેન્દ્રનાથ જેવા નવ નાથો, બાબાજી, લાહિડીમહાશય, યુક્તેશ્વરગિરી, યોગાનંદજી, જેવા યોગીઓ, સ્વામી રામતીર્થ, સ્વામી તૈલંગજી, સ્વામી દયાનંદ સરસ્વતીજી, સ્વામી યોગાનંદજી, સ્વામી નિગમાનંદજી જેવા સેંકડો સ્વામીઓએ, રમણમહર્ષિ, મહર્ષિ અરવિંદ રામકૃષ્ણ પરમહંસ અને આનંદમયી તથા અમૃતાનંદમયી જેવા વિરલ અધ્યાત્મસાધકોએ તેમ જ લોકપંથ, મહાપંથ અને ભક્તિપંથના અનેક મહાત્માઓએ આ ભૂમિને પોતાની કર્મ, જ્ઞાન, ભક્તિ અને યોગસાધનાથી પવિત્ર કરેલી છે. શંકરાચાર્ય, રામનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાકાચાર્ય અને વલ્લભાચાર્ય જેવા અનેક આચાર્યોએ અનેક વિદેશી અને વિધર્મી શાસકોના શાસનમાં મંદ થતી જતી ચૈતન્યવાટને સંકોરીને પ્રજ્વલિત રાખી છે. આ આચાર્યો, સંતો અને મહાત્માઓ આપણા દેશમાં સતત ઘૂમતા રહ્યા હતા અને પ્રજાને ન્યાય, ધર્મ અને અધ્યાત્મનો બોધ કરતા રહ્યા હતા. આ સૌ ભારતીય સંસ્કૃતિના જંગમ પતંગિયાઓ હતા. તેમણે પ્રાંત, ભાષા, ખાનપાન, પહેરવેશ, પરંપરા, રીતરિવાજ અને માન્યતાઓની અનેક વિવિધતાઓ ધરાવતી આ પ્રજાને એકસૂત્રે બાંધી આપી છે. ઋષિમુનિઓના તપ, સંતો, મહંતો અવધૂતો ફકીરો અને ઓલિયાઓના સત તથા ધ્રુવ, પ્રહ્‌લાદ, ગાંધી, વિનોબા જેવાના વ્રતથી આ દેશની ભૂમિ રળિયત થયેલી છે.

આ દેશની ભૂમિ ઘણી પુણ્યશાળી છે કેમકે અહીં ગંગા, યમુના, ગોમતી, ગોદાવરી, કાવેરી, સરસ્વતી, બ્રહ્મપુત્રા, નર્મદા અને જેલમ જેવી અનેક લોકમાતાઓએ એનું ચિંચન કર્યું છે. અહીં જે કોઈ નગરો અને શહેરોનો વિકાસ થયો છે એ આ સરિતા કિનારે જ થયો છે. આ લોકમાતાઓએ આ દેશની પ્રજા માટે શું શું કર્યું છે? એમણે એને પયપાન કરાવ્યું છે, એનાંધનધાન્યને ઉછેર્યાં છે, એનાં મળ અને પાપને ધોયાં છે. પ્રભુએ અનહદ કૃપા કરીને નાનાં ગામોથી માંડી મહાનગરોમાં અનેક નાની મોટી નદીઓ આ ધરતી ઉપર વહેતી કરી છે. ગંગા અને યમુના નદીઓને તો આ દેશની પ્રજા એટલી પવિત્ર માને છે કે હર ઘરમાં એની કમસેકમ એક લોટી ભરેલી સાચવી રખાય છે. પ્રત્યેક હિંદુને જીવનમાં એકવાર ગંગાયમુનાના જળનું પાન અને એમાં સ્નાન કરવાની ઇચ્છા હોય છે. પોતાનો ભવફેરો સફળ થાય અને જન્મારો એળે ન જાય એ માટે મરણની છેલ્લી ઘડીએ પોતાનાં મોંમાં એનું પાન કરવાની ભાવના રાખે છે. આવી પુણ્યસલિલાઓ દ્વારા જે ભૂમિ રમણીય અને રળિયાત થઈ હોય એ ભૂમિને પુણ્યભૂમિ ન કહીએ તો બીજું શું કહીએ?

આવી પુણ્યતોયા સરિતાઓ ઉપરાંત આ દેશમાં અસંખ્ય વાવ, કૂવાઓ, તળાવો અને સરોવરો છે. આ બધા જળસ્રોતોએ જમીનના તળને સમૃદ્ધ રાખ્યું છે, અને દેશ ઉષ્ણ કટિબંધવાળો હોવા છતાં એને અતિશય તપ્ત અને તૃષાતુર રહેવા દીધો નથી. આ ભૂમિખંડના વાતાવરણને સમસિતોષ્ણ રાખ્યું છે, અને વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર જેવી છ ઋતુઓનો વૈભવ આપણને સંપડાવ્યો છે. આ દેશ ઘણો સદ્‌ભાગી છે. એક ઉત્તર દિશાને બાદ કરતાં એના પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારની સીમાઓ અખૂટ જળભંડારવાળા સમંદરોવાળી છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના કિનારે એટલે તો કેટલાં બધાં બંદરોનો વિકાસ આપણી પ્રજાએ કર્યો છે! મુંબઈ, ગોવા, કાલિકટ, કોચીન, મદ્રાસ, વિશાખાપટ્ટમ્ જેવા બંદરો મુખ્ય છે. તો ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતમાં જ દીવ, દમણ, દ્વારકા, ચોરવાડ, વેરાવળ, પોરબંદર, તીથલ, વગેરે કેટલાં બંદરો હતાં. ઉપરાંત, કચ્છ અને ખંભાતના અખાત વિસ્તારો

પણ ખરા. પશ્ચિમી સમુદ્ર તટને કોંકણ અને મલબાર તથા પૂર્વીતટને તમિળનાડુ અને આંધ્રઓરિસ્સા તટ કહીને ઓળખાવાયા છે. આમાંના ઘણા બંદરોથી આપણી પ્રજાએ વિદેશો સાથે વ્યાપાર કર્યો છે. એટલું જ નહિ, ચીન, જાપાન, જાવા, સુમાત્રા, ઈરાન, અરબસ્તાન તથા ગલ્ફ ખાડીનાં રાષ્ટ્રો સાથે વેપારવાણિજ્યના સંબંધો ઉપરાંત ધાર્મિક- સાંસ્કૃતિક સંબંધો પણ વિકસાવ્યા છે. કોમ, ધર્મ, ભાષા, ખાનપાન, પહેરવેશ, રીતરિવાજો વગેરેમાં ઘણી ભિન્નતા ધરાવતી ઘણી સભ્યતાઓ અને સંસ્કૃતિઓને આવી દરિયાદિલી દાખવીને જ આ ભૂમિએ સમાશ્રય આપ્યો છે. ઉત્તર દિશામાં ભલે કોઈ મહાસાગર નથી, પરંતુ ઉત્તુંગ હિમાલય અનેક પુણ્યસલિલાનું પિયર, અનેક સાધકોની સાધનાભૂમિ, અનેક વૃક્ષો, વેલીઓથી ખચિત વનસ્પતિઓ અને ઔષધોનો આગાર બનીને ઊભો છે. ત્યાં અને દેશના અનેક ભાગોમાં ઈશ્વરે જે પ્રાકૃતિક સંપદાની આ ભૂમિને લહાણી કરી છે, તેનાથી જ આ ભૂમિ માટે કવિવર રવીન્દ્રનાથ ટાગોર વડે આ ભૂમિ માટે શબ્દો સ્રવ્યા છેઃ

વંદે માતરમ્
સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
સસ્યશ્યામલામ્ માતરમ્
શુભ્રજ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલકુસુમિત દ્રુમદલશોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્
કોટિ કોટિ કંઠ કલકલનિનાદ કરાલે
કોટિ કોટિ ભુજૈર્ધૃતખરકરવાલે
અબલા કેનો મા એતો બલે
બહુબલધારિણીમ્ નમામિ તારિણીમ્
રિપુદલવારિણીમ્ માતરમ્

તુમિ વિદ્યા તુમિ ધર્મ, તુમિહૃદિ તુમિ મર્મ
ત્વં હિ પ્રાણાઃ શરીરે
બાહુ તે તુમિ મા શક્તિ હૃદયે તુમિ મા ભક્તિ
તોમારઇ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે માતરમ્

ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી
કમલા કમલદલ વિહારિણી
વાણી વિદ્યાદાયિની
નમામિ ત્વાં નમામિ કમલામ્ અમલામ્ અતુલામ્
સુજલામ્ સુફલામ્ માતરમ્

શ્યામલામ્ સરલામ્ સુસ્મિતામ્ ભૂષિતામ્
ધરણીમ્ ભરણીમ્ માતરમ્
વંદે માતરમ્ ।

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટાબજાર,
વલ્લભવિદ્યાનગર ૩૮૮૧૨૦ મો. ૯૭૨૭૩૩૩૦૦૦,
ફોનઃ ૦૨૬૯૨-૨૩૩૭૫૦

॥ વિદ્યાવૃત ॥

## એનવિપાસ કોલેજમાં આંતરરાષ્ટ્રીય વેબિનાર યોજાયો

સી.વિ.એમ. યુનિવર્સિટીની ઘટક સંસ્થા નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના આચાર્યશ્રી ડો. બાસુદેબ બક્ષીના માર્ગદર્શન હેઠળ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા તાજેતરમાં એક આંતરરાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેનેડા સ્થિત કાર્ગોજેટ કંપનીના ઓરેકલ એપેક્સ ડેવલપર શ્રી જયદીપસિંહ રાઉલજીએ એક્સ્પ્લોરિંગ એમર્જિંગ લો કોડ પ્લેટફોર્મ  ઓરેકલ એપેક્સ વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન આપ્યું હતું. આ વેબિનારમાં તેમણે ઓરેકલ એપેક્સ એટલે શું અને તેનાથી મળતી સુવિધાઓ, એપેક્સ આર્કિટેક્ચર, એપેક્સ ડેટા સ્રોત, ઓરેકલ રેડ સ્ટેક, એપેક્સની એનાટોમી, ડેટા મેનેજ કરવાના પડકારો, ઓરેકલ ઓટોનોમસ ડેટાબેસ અને ઇન્ડિયા ઓરેકલ એપેક્સ યુઝર ગ્રુપ (INOAUG)વગેરે બાબતો પર વિસ્તૃત માહિતી આપી હતી. આ આંતરરાષ્ટ્રીય વેબિનારમાં મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ડો. મોનિકા પટેલ દ્વારા આમંત્રિત અધ્યક્ષનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો હતો જ્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો. દિગ્વિજય વીરપુરાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે કમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા પ્રા. મયુર પટેલે શ્રી જયદિપસિંહ રાઉલજીનો આભાર માન્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી ડો.બાસુદેબ બક્ષીએ આંતરરાષ્ટ્રીયકક્ષાનો કાર્યક્રમ યોજવા બદલ કમ્પ્યુટર સાયન્સ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976 – 9609

॥ લઘુકથા-૧ ॥

## બે-થાંભલા

આરતીબા ગોહિલ 'શ્રી'

બપોરના બાર વાગે સૂરજદાદા આકરા પાણીએ પહેરો ભરતા હતા. આવા ઉકળાટભર્યા સન્નાટા વચ્ચે બાજુના મકાનમાંથી અનીતા અને લલીતા નામના લાઉડસ્પીકર્સ ફૂલ ફોર્મમાં ગર્જના કરવા લાગ્યા. અઠવાડિયે એકાદ વખત અપશબ્દોની આપલે થતી, પરંતુ બંનેના પતિ જે સગા ભાઈ હતા. બપોરે જમવા ઘરે આવે ત્યારે આ દેરાણી-જેઠાણી જે કમનસીબે સગી બહેનો હતી. તે યુધ્ધ વિરામ જાહેર કરતી. એટલે જમવાનું કામ તો શાંતિથી પતી જતું.

પણ..., આજનો સિનેરિયો જુદો હતો. ઘાંટા-ઘાંટી અને બુમા-બૂમથી અમારા બે-ઘર વચ્ચેની દીવાલ બિચારી ધ્રૂજી પડી હતી. બંને વચ્ચેનું વાક-યુદ્ધ મારામારી સુધી પહેંચ્યું, પછી મારાથી રહેવાયું નહિ એટલે શાંતિ-સુલેહની ધજા-પતાકા લઈ તેમના ઘરે પહોચી.

લલિતાએ જેઠાણીના નાતે અનિતાના ગાલે બે-થપ્પડ જમાવી દીધી. મારી હાજરીમાં બંનેએ સંયમિત થવાનો પ્રયાસ કર્યો, છતાં ખેલાઈ ચૂકેલા મહાયુદ્ધના અવશેષો મારી નજરની બહાર ન હતા.

લલિતાને બે દીકરી. એક પાંચ વર્ષની, બીજી આઠ વર્ષની. ઝગડો થયો ત્યારે બંને બહેનો ઓશરીની ભીંત સાથે ચોટીને હતપ્રભ ઊભી હતી, સ્થિર પથ્થરની મૂર્તિ જેમ. તેમની ફાટેલી આંખો, છાના ધીમા ડૂસકા છિન્ન ભિન્ન મનોજગતની ચાડી ખાતા હતા. ઘણી દલીલો અને સમજાવટ પછી બંને દેરાણી-જેઠાણી પાછી ઘરકામમાં લાગી. યુદ્ધક્ષેત્ર ધીમે ધીમે સામાન્ય નગરમાં પલટાયું .....!

લલિતા બંને દીકરી માટે દૂધના ગ્લાસ ભરી લાવી. 'ચાલો તો ..... તમે બંને દૂધ પીને લેસન કરવા બેસી જાવ તો..!'' લલિતાનો અવાજ હજી પણ યુદ્ધભૂમિની રણભેરી જેવો વાગતો હતો. તેની મોટી દીકરી માની આજ્ઞાનું પાલન કરી એક શ્વાસે દૂધ પી ગઈ, અને અંદર તરફ જવા લાગી. પણ....., નાની દીકરી રડમસ, નારાજગી બતાવતી ભીંત સાથે વધુ ચીપકી ગઈ.

લલિતા તેને મનાવવા લાગી, 'ચાલ જો, બેટા..., દૂધ પી લે. દૂધ નહિ પીવે તો જલ્દી મોટી કેમ થઈશ હે ....?'-

'મારે મોટી થવું જ નથી...... જા...!''. અચાનક નાની ધ્રુસકે ચડી. ભયંકર વંટોળ પછી શરુ થતી વરસાદની હેલી જેમ વરસી પડી. રડતાં રડતાં બોલી, 'મા મને નાનકી જ રહેવા દે. દીદી મને પ્રેમ તો કરે છે. ....!'-

તેનો જવાબ સંભાળી ઓશરીની ધારે લલિતા અને અનિતા નામના બે નવા થાંભલા ખોડાઈ ગયા હતા ....!

૯૫/A/, ''સુધાતા'' - રૂપાલી સોસાયટી, તળાજા રોડ, હિલ ડ્રાઈવ- ભાવનગર : ૨, મો : ૯૪૨૭૭૫૪૨૦૭

॥ લઘુકથા-૨ ॥

## ધ્રાસકો

વિજય એમ. ઝાલા

'ચૂપ...ચૂપ...જો સહેજ પણ અવાજ આવ્યો તો મોટું વાઘુ બોલાવીશ. એ તને બહુ દૂર, મોટા અંધારામાં લઈ જઈને ખાઈ જશે.'

આટલું સાંભળતાં જ ઢીંગલી જેવી નાજુક નમણી ત્રણ વરસની મેઘાનો રડવાનો અવાજ બંધ થયો. આકાશ અને કોમલ એકબીજાની સામે જોઈ આછું હસી રહ્યાં.

કંઈ વધારે ચર્ચા કરે તે પહેલાં કોમલના પિયરમાંથી તેની માતાનો ફોન આવ્યો. બે-ત્રણ મિનિટ વાત ચાલી. આકાશની ખબર પૂછ્યા પછી મેઘાની ખબર પૂછી. એની સાથે વાત કરવાની ફરમાઈશ મૂકી. કોમલને ધ્રાસકો પડ્યો. તેનો જીવ કપાયો. મોટી ચીસ નીકળી ગઈ. ફોન નાખ્યો સોફામાં. દોડી બાથરૂમ તરફ...

બાથરૂમનો ગજ ખોલી આંચકો માર્યો. દરવાજો ખૂલ્યો નહીં. કોમલ હેબતાઈ ગઈ. આકાશને બૂમ મારી.

આકાશ સાસુમા સાથે વાત કરી રહ્યો હતોઃ 'એ તો મેઘુ ફોનમાં કાર્ટૂન જોવા રિસાઈને રડી હતી. એને શાંત કરવાનો એક જ ઉપાય-એને બાથરૂમમાં થોડી વાર પૂરી દઈએ એટલે...'

ફોન કાપી આકાશ પણ રવેશમાં બારૂમ તરફ ધસ્યો. કોમલ મેઘાને સમજાવી રહી હતીઃ ''બેટા મેઘુ, દરવાજો અંદરથી ખોલ, ચાલ જો તને મોબાઈલ આપું. ચાલ જો... ડાહ્યો દી'કો હોય તો દરવાજો અંદરથી ખોલે...'

આકાશની અધીરાઈ વધી. બધી તાકાત એકઠી કરી આંચકો માર્યો સ્ટોપર તૂટતાંની સાથે દરવાજો બાજુમાં અથડાયો. દૃશ્ય જોતાં બેઉંની આંખો ફાટી પડી. બંને નીચે ફસડાયાં...

કોલેજ પાછળ, તા. બોરસદ, જિ.આણંદ, મુ.પો.ભાદરણ-૩૮૮૫૩૦, મો. ૯૫૩૭૦૫૪૧૪૨, ૮૧૪૧૨૧૧૦૬૫

।। વાર્તા ।।

## છત્રી

મનીષા રાઠોડ

વરસાદનું ઝાપટું આવ્યું અને ધાબા પર સુકાતા કપડાં લેતા લેતા સુધાબેને સામેના ધાબા પર બેઠેલા સવિતાબાને બૂમ પાડી પૂછ્યું, ''બા, તમારી છત્રી મળશે? હમણાં શાક લઈને આવું એટલી ઘડી.''

છત્રીનું નામ પડતા સવિતાબા થોડા ઝંખવાણા પડી ગયાં.

''કોઈક બહાનું કરવું પડશે. ના કેમ કરીને કહું? પણ હા પણ કેવી રીતે કહું? કાંઈ સમજાતું નથી.'' સવિતાબા મનમાં વિચારી રહ્યા હતા.

ઘણીવાર સુધી સવિતાબાનો કોઈ જવાબ ન મળતા સુધાબેન સમજી ગયાં કે માજીને છત્રી આપવામાં ખચકાટ થાય છે. એટલે સામેથી જ બોલ્યા.

''ભલે સવિતાબા રેવા દ્યો. હું બાજુવાળા સીમાબેન પાસેથી લઈ લઈશ.''

એટલીવારમાં ચીમનકાકા છત્રી સંધાવીને ઘરે આવ્યા. તૂટેલી છત્રીને ઓછામાં ઓછી પચીસ વાર સંધાવી, હવે તો દુકાનવાળાએ પણ કહ્યું, ''કાકા, બીજી છત્રી લઈ લો. રીપેર કરી કરીને હું પણ થાક્યો. હવે તૂટે તો આને ફેંકી દેજો.''

પણ ચીમનકાકા કયા મોઢે કહે કે મારી પાસે નવી છત્રી લાવી શકું એટલા પૈસા જ નથી. જે કાંઈ મૂડી ભેગી કરી હતી તે દીકરાના ભણતર અને લગ્ન પાછળ વપરાઈ ગઈ. હવે દીકરાના ભરોસે દિવસો કાઢીએ છે. દીકરાની વહુ ખવરાવે એ ખાઈએ. દવાના પણ પૈસા ના મળે ત્યાં છત્રી ક્યાંથી લાવીએ ભાઈ.

ચીમનકાકાને ફળિયામાં આવતા જોઈ સવિતાબા તેઓની પાસે ગયાં અને પાણીનો પ્યાલો હાથમાં આપતાં બોલ્યા, ''તમે નાનકાને પૂછો તો ખરા એ લાવી આપશે નવી છત્રી. આમ ક્યાં સુધી તૂટેલી છત્રી લઈને ફર્યા કરશો? મારી વાત માનો તો આજે જ કહો. એ સાંજે આવે ત્યારે.''

''કેટલીવાર અપમાન કરાવું? એ ક્યાં આપણી કોઈ વાત માને છે? છતાંય તું કે છે તો આજે સાંજે વાત કરીશ.'' નિરાશવદને ચીમનકાકા બોલ્યા.

રાતના દીકરાની વહુ ખીચડી કઢી પીરસી રહી ત્યારે ભાણા પર બેઠા બેઠા હળવેકથી નાનકાને પૂછ્યું, ''દીકરા, નવી છત્રી લાવી દઈશ? હવે આ છત્રી સાવ તૂટી ગઈ છે, મંદિરે દર્શન કરવા જવું હોય છે પણ વરસાદમાં ઘણી તકલીફ પડે છે.''

નાનકો કાંઈ જવાબ દે એ પહેલા જ દીકરાની વહુ બોલી, ''વરસાદમાં જવાની શું જરૂર છે? ઘરે બેસતા હો તો? મંદિરે ના જાઈ શકો તો શું લૂંટાઈ જવાનું છે? ઘરમાં બીજા ખર્ચા ઓછા છે કે વળી તમારે નવી છત્રી જોઈએ છે..!'' વહુના કડવા વેણ સાંભળી સવિતાબાની આંખમાં આંસુ આવી ગયાં. પોતાનો દીકરો કાંઈ જ બોલતો નથી. પોતાના બાપનું આવું અપમાન થાય છે તોયે. દીકરા માટે આટઆટલું કર્યા છતાંય પાછલી ઉંમરે આવું લાચારીભર્યું જીવન જીવવાનું?

મા-બાપની કોઈ લાગણી જ નહીં આ લોકોને!

બીજા દિવસે રજાનો દિવસે હતો. નાનકો, નાનકાની વહુ અને પૌત્ર ત્રણે જણા વહેલી સવારે તૈયાર થઈને ફરવા નીકળ્યા.

''બા, અમે ફરવા જઇયે છીએ. સાંજે મોડા આવીશું.'' નાનકો જતા જતા સૂચના આપતો ગયો.

ઘરડા માબાપને પગથિયાંની જેમ વાપરતા દીકરાઓ કેમ નથી સમજતા કે એક દિવસ તેમને પણ ઘડપણ આવશે.

આજે વરસાદ ઓછો હતો. અગિયારસનો પવિત્ર દિવસ હતો. સવિતાબા અને કાકા આજે સાથે મંદિર જવા ઊપડ્યા.

મંદિરના પગથિયાં ચઢતા હતા ત્યાં તો સામેથી કેતકી ઊતરતી દેખાઈ. ચીમનકાકા અને સવિતાબાને પગે લાગી જય શ્રી કૃષ્ણ કર્યા. કેતકી નાની હતી ત્યારે સવિતાબાના હાથના લાડુ જમવા અચૂક ઘરે આવતી. તેના લગ્નમાં ચીમનકાકાએ ઘણી આર્થિક મદદ કરી હતી. આજે કેતકી એક સરકારી પ્રાથમિક શાળામાં સારા પગારવાળી નોકરી કરી રહી હતી.

આ તરફ બગીચામાં ફરતા ફરતા નાનકાની નજર એક વૃધ્ધ લકવાગ્રસ્ત કાકા પર પડી. કાકાની ઉંમર લગભગ એંસીની આસપાસ હતી. એમનો આધેડ વયનો દીકરો તેઓને વ્હીલચેર પર બેસાડી ફેરવી રહ્યો હતો. એક નાના બાળકની જેમ પોતાના બાપની કાળજી લેતા દીકરાને જોઈને નાનકાનું દિલ ભરાઈ આવ્યું.

 ISSN 0976 – 9609

બચપણમાં મારા પગે નાની ઈજા થઈ હતી ત્યારે મારા પિતા મને તેડીને નિશાળ ભણવા લઈ જતાં હતા. મારા બા હું બાર વર્ષનો થયો ત્યાં સુધી મને પોતાના હાથે કોળિયા ભરીને જમાડતા. એકના એક દીકરાને નાની આવકમાં પણ ભણાવવા માટે કંઈ બાકી નથી રાખ્યું. ઘરમાં એક સાંધો ને તેર તૂટે એવી આર્થિક સંકડામણ હોવા છતાં મારા બાપે મારા બધા શોખ પૂરા કર્યા. આજે મારા માબાપ બિચારા એક છત્રી માટે તરસી રહ્યા છે અને તેઓની આટલી નાની ઇચ્છા પણ હું પૂરી નથી કરી શકતો. આજે મને મારી જાત પર શરમ આવે છે. મારા કરતાં આ તો કાકા સારા, જે પોતે અશક્ત છે છતાંય પોતાના ઘરડા બાપની એક બાળકની જેમ કાળજી લઈ રહ્યા છે.

ઘરે જઇને સૌથી પહેલા એમના માટે છત્રી લઈ આવીશ. એવો મનમાં નિર્ણય કરી નાનકો પોતાની ઘરવાળી અને બાળકને લઈને ઘરે પાછો ફર્યો..

ઘરે આવ્યો ત્યારે ઘરની બહાર તાળું લટકતું હતું. આજુબાજુ ક્યાંય બા-બાપુજી દેખાયા નહીં. વરસાદ પણ ધોધમાર વરસી રહ્યો હતો.

''અત્યારે ક્યાં ગયાં હશે? તેઓની પાસે છત્રી પણ નથી.'' નાનકાના મનમાં ગડમથલ ચાલી રહી હતી. ત્યાં જ નવી નકોર છત્રી સાથે સવિતાબા અને ચીમનકાકા દૂરથી આવતા દેખાયા. બંને જણાના ચહેરા પણ અપાર ખુશી છલકાઈ રહી હતી.

તેઓ પાસે આવ્યા ત્યારે નાનકાએ પૂછ્યું, ''આ છત્રી ક્યાંથી લાવ્યા? બંને પાસે નવી છત્રી ક્યાંથી આવી?''

''એ તો દીકરા, કેતકી મળી હતી આજે.નાની હતી ત્યારે તારી સાથે સ્કૂલમાં ભણતી હતી તે. અમે કેટલુંય કહ્યું તોય માની જ નહીં ને ! જીદ કરીને અમને બન્નેને છત્રી અપાવી. કહેતી હતી કે તમે બંને મારાં માતા-પિતા સમાન છો. તમે આમ વરસાદમાં હેરાન થાઓ એ કેમ ચાલે?'' ચીમનકાકા બોલ્યા.

''સવિતા, છત્રી સાચવીને મૂકી દે જે. કાલે સવારે દેવદર્શને જઇએ ત્યારે વાંધો ન આવે. આપણા તો આપણને ન સાચવે પણ કરેલા પુણ્ય ક્યારેક આડા આવે. મારી કેતકી દીકરીને હજુય કેટલી લાગણી છે. ભગવાન દીકરીનું ભલું કરે.''

ચીમનકાકાના શબ્દો નાનકાને આરપાર વીંધી ગયા. પસ્તાવાનો ધોધમાર વરસાદ તેની આંખોમાથી વરસી રહ્યો...


પ્રધ્યાપિકા એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી
ન્યૂ વલ્લભવિદ્યાનગર મો.: ૯૯૦૪૨૩૭૮૪૭


**।। વિદ્યાવૃત ।।**

શ્રી ખોડીયાર માતાજી મંદિર, આણંદ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ પ્રો.હરિહર શુક્લા ભક્તિ ગીત સ્પર્ધા-૨૦૨૦નું કોવીડ-૧૯ મહામારીને કારણે ઓનલાઈન વિડીયોનાં માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ધો.૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કું.વિધિ રસિકભાઈ વસાવાએ શાળાના શિક્ષકશ્રી નરેન્દ્રભાઈ વ્યાસ સાહેબના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. આ ભક્તિગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થઈ કું.વિધિ એ ચારુતર વિદ્યામંડળ, ટી.વી.પટેલ હાયર સેકન્ડરી અને વલ્લભ વિદ્યાનગરનું નામ રોશન કર્યું છે શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર અને સૌ શિક્ષકોએ કું.વિધિને ખૂબ ખૂબ અભિનંદન અને આશિર્વાદ પાઠવ્યા હતાં.

**।। વિદ્યાવૃત ।।**

## સી.વી.એમ. યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા આર.એન.પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ

સી.વી.એમ યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા આર.એન.પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસ ખાતે તા. ૧૦/૧૨/૨૦૨૦ના રોજ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસની ઉજવણી પ્રસંગે એક દિવસીય વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં સી.વી.એમ યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા ઈલસાસના આચાર્યશ્રી ડો. સન્ની થોમસ દ્વારા મુખ્ય વક્તા તરીકે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે પ્રવર્તમાન સમયમાં માનવ અધિકારના મહત્ત્વ વિષે ઊંડાણપૂર્વકની સમજ સંસ્થાના વિદ્યાર્થીઓને આપી હતી. આ વેબીનારમાં તેઓએ વિવિધ કાયદાકીય કેસોના દૃષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજૂતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના આસિસ્ટન્ટ પ્રોફેસર કુ. નિશા નાયર, શ્રી. તરુણ વાઘેલા અને કુ. કૃપા સોલંકી દ્વારા સંસ્થાના કા. આચાર્ય શ્રી. એમ. પ્રકાશ જ્યોર્જના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

।। લલિત-નિબંધ ।।

## હીંચકાનો લય

ડંકેશ ઓઝા

શુક્લતીર્થમાં અમારા ઘરમાં અને બીજે પણ એકથી વધુ હીંચકા હતા. બાળપણથી અમે બધાં હીંચકે જ ઝૂલ્યાં છીએ. અમારે ત્યાં બાળકને ઊંઘાડવા માટે ઘોડિયામાં નાખવાને બદલે ઘરનું કોઈને કોઈ જણ બાળકને લઈને હીંચકે બેસતું. હીંચકો ચાલતો રહે ને બાળક હળવે હળવે આંખ મીંચતું જાય. તે છતાં કોઈ બાળક ન ઊંઘે તો ન છૂટકે એને ઘોડિયામાં નાખવામાં આવે. આમ અમે બધાં બાળપણથી જ હીંચકાથી ટેવાયેલાં. હીંચકે બેસવાનું બહુ ગમે. હીંચકો ન હોય તો ન ગમે.

ખેડૂતોના ઘરમાં પાટીના કે દોરીના ખાટલા હતા, અમારે ત્યાં એ ન હતા. અમારે ત્યાં હીંચકા અને પાટ એ જ જોવા મળે. પાટ એટલે નાગરો જે પાટ, પંચિયું અને પાન-પેટી ગણે છે એ પાટ નહિ. નાગરની પાટ એટલે તો હીંચકો. અમારે ત્યાં પાટ એટલે ખાટલાના બદલે બેસવા અને સૂવા માટે મજબૂત જાડાં પાટિયાં જડેલી પાટ. જેના પાયા એટલા તો નકશીકામવાળા અને મજબૂત કે પાટ ખસેડવા માટે બે થી વધુ માણસો જોઈએ. આ પાટ પર મહેમાન આવીને બેસે, ઘરનો પુરુષવર્ગ વામકુક્ષી પણ એના પર કરે અમે રાત્રે સૂઈએ પણ તેના પર.

શુક્લતીર્થમાં, યાત્રાનું ધામ, હોવાને કારણે, કારતક સુદ પૂનમનો મેળો ભરાય. મેળો એક દિવસનો પણ આગળ-પાછળ બન્ને તરફ લંબાય. એટલે અગિયારસથી શરૂ થાય અને પાંચમ પછી પૂરો થાય. આ મેળામાં ઘણી બધી દુકાનો નંખાય. એમાં ભરૂચના મોહનલાલ મીઠાઈવાલાની દુકાન અચૂક આવે. મોટે ભાગે એ લોકો બ્રહ્મપોળમાંથી અમારા બધાંને ઘરેથી આ પાટો તે વખતે ભાડે લઈ જાય. તેનું ભાડું પણ ચૂકવાતું. ગરીબ બ્રાહ્મણોને આવી નાની રોકડ રકમ પણ ત્યારે ખપમાં આવતી.

જેમ ગરબા એ ગુજરાતની વિશિષ્ટ ઓળખ છે તેમ મને લાગે છે કે હીંચકા પણ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ છે. અન્ય રાજ્યોમાં, એ ઉત્તરનાં હોય કે દક્ષિણનાં ત્યાં હીંચકા ખાસ જોવા મળતા નથી. આપણે ત્યાં તો સંખેડાના હીંચકા એટલે એક પ્રકારની ભવ્યતા ગણાય. મોદીસાહેબે અમદાવાદના રીવરફ્રન્ટ પર વિદેશી મહેમાનોને એના પર માનભેર ઝુલાવ્યા છે, ટીવીને કારણે કે અખબારોના ફોટાઓને કારણે લોકોના હૃદયમાં તે જડાઈ પણ ગયા છે. સમાજવિજ્ઞાની અચ્યુત યાજ્ઞિકે ગુજરાતની વિશિષ્ટ ઓળખ ધરાવતી સંસ્કૃતિ વિશે શ્રેણીબંધ નાનકડી પુસ્તિકાઓ કરી છે તેમાં એક હિંચકાને લગતી પણ છે. એમનું કહેવું છે કે ગુજરાતમાં ગરમી વધારે રહેતી, પવનો ઓછા આવતા એટલે ગુજરાતમાં હીંચકો એની ભૌગોલિક સ્થિતિને કારણે પણ આવેલો છે.

સમાજનો અગ્રવર્ગ હીંચકે ઝૂલતો એમ કહીએ તો પણ ખોટું નહિ ગણાય. નાગરો પંચિયું પહેરીને, પાન-પેટી લઈને, પાટ પર જ ઝૂલતા. આ પાટ એટલે હિંચકો. હિંચકા તદ્દન સાદા હોય તો તેને પાટ કે પાટિયું કહેતા. પછી હીંચકા અને હિંડોળા પણ હોય. હિંડોળાખાટ પણ હોય. આપણા ઇતિહાસકાર મકરંદ મહેતાને ત્યાં સેલરમાં આવો પાટી સાથેનો ઘણો પહોળો હીંચકો પણ બાંધેલો છે. જે નથી ટેવાયા તેને બેસવામાં અગવડરૂપ પણ લાગે. હીંચકા સીસમના લાકડાનાં હોય. અઢેલવા પાટિયું હોય જેમાં આરસની તકતીઓ હોય અને નાના ચોરસ દર્પણ પણ હોય. એથી વધુ ચિતરામણ અને કોતરણીની સજાવટ પણ હોય. વળી એ અઢેલણ આમથી તેમ ફેરવી શકાય તેવું પણ હોય. પાટિયાને લોખંડના સળિયા ચાલે પણ આવા સુશોભિત હિંડોળાને તો પિત્તળની કે સ્ટીલની એકબીજામાં ગૂંથાયેલી એવી સાંકળ જ શોભે!

એ જમાનો જેમ લોલકવાળી ઘડિયાળનો હતો જેને અઠવાડિયે એક વાર ચાવી ભરવી પડતી એ રીતે હીંચકાના કડામાં થોડા થોડા સમયે તેલ કે દિવેલ પૂરવાં પડતાં. આ ઊંજણ માંગતો હીંચકો કિચૂડ કિચૂડ કિચૂડાટ કરે જે કોઈને ય ન ગમે. પછી તરત તેલ પૂરીને બેઠાં હોઈએ તો કપડાં પર ન પડે તેની પણ સાવચેતી રાખવી પડે. એ છંટકાવથી બચવા અમે કડાંમાં આવેલાં જૂનાં પોસ્ટકાર્ડ ભરાવી દેતાં, પછી સલામત. અમારું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ હીંચકા પર જ ચાલ્યું છે એમ કહીએ તો ખોટું નથી. હીંચકે બેસી લેસન કરવાનું, હીંચકે બેસી પાઠ વાંચવાના અને હીંચકે બેસી રાગડા તાણીને કવિતાઓ ગોખવાની. જે કોઈ બીજો આવે તે કૂદીને હીંચકે બેસતો જાય. લીફટમાં આજકાલ લખ્યું હોય છે કે આટલાં માણસો અને કુલ આટલું વજન જેની મર્યાદા નહિ ઓળંગવાની એવા નીતિનિયમો હીંચકા માટે તો નક્કી હતાં નહિ. એટલે ઘરનો વડીલવર્ગ એ બાબતે સતત ટોકતો રહી અને ઘાંટા પણ પાડે. બાળકો ક્યારેક સાંભળે, ક્યારેક ન સાંભળે અને ક્યારેક હીંચકો તૂટી પડે એવા પણ બનાવ બન્યા જ છે.

રોયલ એટલે કે શાહી રીતે હીંચકો ખાવાની રીત એટલે હળવી ઠેસથી હીંચકો મંદ ગતિએ ચાલતો રહે તે. આજકાલ નવા ધનિકવર્ગને કારનું જેમ મૂલ્ય નથી અને કેટલાક જુવાનિયા રોડ પર સ્કૂટર કે બાઈકની જેમ ગાડીઓ હંકારતા હોય છે ત્યારે જૂની પેઢીના લોકોને એ ગમતું હોતું નથી. એવું

 ISSN 0976 – 9609

જ હીંચકા બાબતે ત્યારે બનતું. 'અવાજ'નાં ઇલાબેન પાઠક તો નાગર અને વળી હીંચકાવાળાં. તેમણે 'નિરીક્ષક'માં એક વાર કંઈક લેખ લખેલો જેનું મથાળુ જ બાંધેલું 'હીંચકે ઠેસ'.

મોરારીબાપુ વિશેની મારી સ્મૃતિ વ્યાસપીઠની નથી પણ હીંચકાની છે. એ તલગાજરડામાં હનુમાનજીની પ્રતિમા સામે હીંચકે ઝૂલતા હોય. કૈલાસધામ ગુરૂકુળમાં હોય તો દેવાભાઈના આંગણામાં સ્હેજ ઊંચા ઓટલા પર હીંચકે ઝૂલતા હોય. આ કોરોના કાળમાં પણ એ રોજેરોજ કંઈક વક્તવ્ય કરતા હતા તે પણ હીંચકે બેસીને જ. બગલાની પાંખ જેવા સફેદ ગલેફવાળા તકિયા અને ઓશિકાં એમના હીંચકે હોય. અડાલજમાં આજે પણ હું હીંચકે તો ઝૂલતો હોઉં છું પણ સાથે ભારતીને કહેતો હોઉં છું કે મારા હીંચકામાં બાપુનો પેલો વૈભવ ખૂટે છે.

ગુજરાતના ચિંતક ગુણવંત શાહે પણ હીંચકાને ઠીકઠીક પ્રસિદ્ધિ આપવામાં યોગદાન આપ્યું છે. એમનો વિહાર 'ભલે વિચારોના વૃંદાવનમાં' ચાલતો હોય. પરંતુ તેઓ બેઠા હોય હીંચકા યુનિવર્સિટીમાં. પછી કોઈક રવિવારે તમને વાંચવા મળે કે એમના હીંચકે ક્યા વી.વી.આઈ.પી. કેટલી મિનિટ બેસીને કેવી વાતો કરી ગયા! કવિ રમેશ પારેખ ઘરના ટોડલે ચકલી બેસીને ચીંચારવ કરે એને પોતાનું રજવાડું ગણાવતા. એ રીતે મારે મન આ હીંચકો મારી સુપ્રીમ લકઝરી છે. કવિ નાનાલાલે 'વિરાટનો હીંડોળો ઝાકમઝોળ' કહીને બ્રહ્માંડ સુધીનો કલ્પના વિહાર ગુજરાતી પ્રજાને કરાવ્યો છે. આ જ વિરાટ શબ્દ શ્રીમંત નગરીના ફકીર તરીકે ઓળખાયેલા ઈન્દુચાચાએ પણ પ્રયોજેલોઃ ''વિરાટની આંગળી પકડીને હું ચાલ્યો.'' એમને મન 'વિરાટ' એટલે જનતાજનાર્દન.

વૈષ્ણવ સંપ્રદાયમાં લાલજીને પારણે ઝુલાવવાનું ઘણું ઘણું માહાત્મ્ય છે. વૈષ્ણવ મહિલાઓ લાલાના લાલન-પાલન પાછળ ગોપીઓની માફક ઓળઘોળ થતી હોય છે. આ વૈષ્ણવ હવેલીઓમાં કેરીઓથી લઈને ચોકલેટ સુધીના હીંડોળાનો મહિમા થાય છે. પારણાને ઝુલાવવા માટે લાઈનો લાગતી હોય છે. કૃષ્ણજન્મભૂમિ ગોકુળ-મથુરા -વૃંદાવનમાં તો આ પારણાઝુલણ વેપારી સરહદમાં પ્રવેશી ચૂક્યું છે. શ્રધ્ધાળુ યાત્રાળું કંઈક ધરે પછી જ એના હાથમાં લાલાના પારણાની દોરી પહોંચતી હોય છે.

આ હીંચકો કેટલાકની મનઃસ્થિતિને ડોલાવી જતો એવું પણ જોયું છે. જેમ પૂનમે દરિયાની ભરતી જોઈને કોઈનું મગજ છટકી જાય એમ કહેવાતું અને થતું એવી રીતે આખો દિવસ હીંચકે ઝુલવાથી પણ થતું એવા કિસ્સાઓ બન્યા છે. જેમ આપણે ઠેસની વાત કરી એમ કેટલાક હીંચકે પલાંઠીવાળીને બેસે અને હીંચકાના લય સાથે પોતાના શરીરનો લય એવો એકરૂપ કરે કે હીંચકો ચાલતો રહે. તો વળી બીજા કેટલાક સામેની ભીંતે નાનું દોરડું બાંધી રાખે જેને સહારે હીંચકો ખેંચાતો રહે અને ચાલ્યા કરે. આ તો જેમનો જેવો લય!

આ હીંચકાપુરાણ પૂરું કરતાં એવા લોકો પણ યાદ આવે છે જેમને હીંચકો કદી ફાવ્યો જ નહિ એમને હીંચકે બેસવાથી ફેર ચઢે, ચક્કર આવે, કંઈક અસુખ થવાની અનુભૂતિ થાય. એ ન બેસે ત્યાં સુધી વાંધો નહિ પણ કેટલાક તો એવા કે હીંચકે બેસે અને હીંચકાને ચાલવા પણ ન દે. આવી સ્થિતિમાં હીંચકો એનું હીંચકાપણું ખોઈ બેઠો હોય એવું લાગે. આવી વ્યક્તિઓ પ્રત્યે મને તો દયા આવે અને ગુસ્સો કરવાને બદલે પ્રભુ ઈસુને યાદ કરીને કહેવાનું મન થાય કે ''હે ઈશ્વર! તું એમને માફ કર કારણ એમને હજી ખબર જ નથી કે તેઓ શું ગુમાવી રહ્યા છે!'' હીંચકે બેસીને હળવી ઠેસે ચાનો મગ લઈને બેસવું કે પુસ્તક વાંચવું કે વાતોનાં વડાં કરવાં એ આપણા ગુજરાતી ભાઈઓનો પોતાનો આગવો આનંદ છે.

૬, સ્વાગત સિટિ, મુ.પો. અડાલજ - ૩૮૨૪૨૧,
મો. ૯૭૨૫૦૨૮૨૭૪

**।। વિદ્યાવૃત ।।**

**સી.વી.એમ. યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા આર.એન.પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસ ખાતે ૭૧મા સંવિધાન દિવસની ઉજવણી**

સી.વી.એમ યુનિવર્સિટીની બંધારણીય સંસ્થા આર.એન.પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસ ખાતે તા. ૨૬/૧૧/૨૦૨૦ના રોજ ૭૧મા સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી સિલ્વીયા પીન્ટો, પ્રિન્સિપાલ પીન્ટોસ હાઈસ્કૂલ, લાંભવેલ રોડ, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઓનલાઈન વેબીનારના માધ્યમ દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓને ભારતીય સંવિધાન ઉપર વિસ્તારથી સમજૂતી આપી હતી. તેમજ હાલના સમયમાં ભારતીય બંધારણનું મહત્ત્વ સમજાવ્યું હતું. વેબીનારના અંતે તેઓએ વિદ્યાર્થી ઓના બંધારણ સંબંધિત પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આપી તેમના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

આ સાથે સર્વેએ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ સાથે સવિધાનના આમુખનું વાંચન પણ કર્યું હતું. તેમજ આજના દિવસે ૧૨ વર્ષ પહેલા મુંબઈમાં થયેલ આતંકવાદી હુમલામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના આસિસ્ટન્ટ પ્રોફેસર કુ. નિશા નાયર, શ્રી તરુણ વાઘેલા, કુ. કૃપા સોલંકી અને સંસ્થાના કા. આચાર્ય શ્રી. એમ. પ્રકાશ જ્યોર્જના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કાવ્યાનંદ વરસાવતો તાન્કા સંગ્રહઃ 'મોસમનો પહેલો વરસાદ!'

રમેશ પટેલ

વલસાડના કવિ શ્રી ધનસુખલાલ પારેખ બાળસાહિત્યના એક સારા અને જાણીતા સર્જક છે. કવિએ ગુજરાતી 'કવિતા' ક્ષેત્રે લઘુકાવ્યો, હાઈકુ અને તાન્કા ગુજરાતી પ્રશિષ્ટ સામયિકોમાં પ્રકટ કરી વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે!

'ઝાકળભીનો ઉજાસ' અને 'અયોધ્યાથી અરણ્ય...' કવિ ધનસુખલાલના બે હાઈકુ સંગ્રહો છે. આ હાઈકુ સંગ્રહની પ્રસ્તાવના કુમાર-કવિલોકના સૂઝ ધરાવનારા તંત્રીશ્રી(ડૉ.) ધીરુ પરીખે તેમજ સોનેટ કવિશ્રી ઉશનસે લખી છે!

તાજેતરમાં કવિનો 'તાત્કા' સંગ્રહ પ્રકટ થયો છે. નામ છેઃ 'મોસમનો પહેલો વરસાદ' આ ૩૧ અક્ષરોના ઝરમર ઝરમર શબ્દ-વાંછટથી ભીના થવાનો આનંદ વાચકને જરૂર આવશે.

હાઈકુ અને તાન્ક મૂલતઃ જાપાનીઝ કાવ્ય પ્રકાર છે.

હાઈકુની માફક ભૂલાતા જતા 'તાન્કા' કાવ્યપ્રકારને ગુજરાતી સાહિત્યક્ષેત્રે કવિશ્રી ધનસુખ પારેખે ધબકતું રાખ્યું છે તેનો આનંદ છે.

તાન્કાની જેમ જ એક કલ્પન કાવ્ય (મોનો-ઈમેજ) એ પણ લઘુકાવ્યોનો સંપુટ છે. મોનોઈમેજના પ્રણેતા છે રાજકોટના કવિ શ્રી મધુ કોઠારી.

'મોસમનો પહેલો વરસાદ' તાન્કા સંગ્રહમાં કુલ ૮૪ કાવ્યો શ્વેત પાને પાને કલરવ કરે છે. આ સંગ્રહમાં પ્રકૃતિ વિષયક રાધા-કૃષ્ણના અમર પ્રેમ, રામ-લક્ષ્મણ શબરી વિષયક, મૃત્યુ વિશે અને દીકરી વ્હાલનો દરિયો, મીરાં, દેવકી-વાસુદેવ, મંદિર બહાર બેઠેલ લાચાર ભિક્ષુકો વિશે માતૃપ્રેમ, નવોઢા, ચાડિયાની અવદશા,.. તેમજ પ્રેમ, લાગણી, સમાજચિંતન સાથે રાજકારણ પણ વિષયોનું વૈવિધ્ય ધ્યાન ખેંચે છે!

આ સંગ્રહના આસ્વાદ્ય કલાકીય અને ભાવનાત્મક તાન્કાઓ છેઃ-

છ દીકરાને
વહેંચી આપ્યા ભાગ
દીકરા ખુશ
કોઈએ લીધો નહીં-
બા-બાપુજીનો ફોટો!

બાપા ગુજરી
ગયા ઘરડાંઘરે
દીકરો જાય
અસ્થિ પધરાવવા
ગંગા નદી કિનારે!

મંદિરમાં મૌન બેઠેલા ઈશ્વર વિશે કવિ ટકોર કરે છેઃ-

ખખડધજ
રામમંદિરે, ઊભો
વૃદ્ધ ભિક્ષુક
કરુણાભરી આંખે-
જોઈ રહ્યો રામને!

જીર્ણ મંદિર
રામને નિઃસહાય-
ઊભેલા જોઈ
ભિક્ષુકે બે રૂપિયા
દાનપેટીમાં મૂક્યા!

દીકરી વિદાય એ વિરહનો પ્રસંગ છે. મા-બાપની આંખો સાગર બને છે. કવિએ એ પ્રસંગ સંવેદનાસભર આ મુજબ રજૂ કર્યો છેઃ-

ટહુકો શમી
ગયો, શેરી થૈ ગઈ
સૂની, પાંચિકા
હિજરાય, ખૂણામાં-
બેઠી ઢીંગલી રડે!!!

છૂટ્યાં મંડપ
આંખે લટકી રહ્યાં
આંસુ તોરણ.
ઘર આખામાં ફરી
વળતો સૂનકાર!

કવિનો પ્રકૃતિ પ્રેમ અને મંત્રયુગનું વિસ્મય અસરકારક રીતે રજૂ થાય છેઃ-

ડાળ ડાળને
બેઠી વસંત, લીલા


ISSN 0976 – 9609

વાને જંગલ-
ડોરબેલમાં વાગે
કોયલનો ટહુકો!

ઝાડ નજીક
આવતો કઠિયારો
ખભે કૂહાડી-
થરથરતાં પાન;
ઊડી ગયાં ટહુકા!

કવિ શ્રી ધનસુખ પારેખ પૂ. ગાંધીજી અને રાષ્ટ્રપ્રેમને પણ ભૂલ્યા નથી...'તાન્કા' છેઃ-

વીંધાઈ ગઈ
છપ્પન ઈંચ છાતી
ત્રણ ગોળીમાં-
ખતમ થયું બધુંઃ
સત્ય-અહિંસા-પ્રેમ

માનો કાગળ
સરહદે સૈનિક
આંખોમાં આસું
જેવી વહાલી માતા-
તેવી ધરતી માતા!

શ્રી (ડૉ.) વિરંચિ ત્રિવેદીની પ્રસ્તાવના પામેલ આ સંગ્રહના ૮૪ 'તાન્કા' લઘુ-કાવ્યની કસોટીમાં ઉત્તીર્ણ થયા છે. કવિની મૌલિક અનુભૂતિનો અહેસાસ જ કવિને ઝાકળભીના અભિનંદન પાઠવે છે! અસ્તુ!

'મોસમનો પહેલો વરસાદ'(તાન્કા સંગ્રહ) કવિ શ્રી ધનસુખલાલ પારેખ મો.: ૮૧૪૧૫૫૩૨૫૪, પ્રથમ આવૃત્તિઃ ૨૦૨૦ કુલ પૃષ્ઠઃ ૨૮, કિંમતઃ રૂ.૫૦ ડેમીસાઈજ, સુંદર મુખપૃષ્ઠ

'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સો. સરદાર પુલ પાસે,
અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯ મો.: ૯૮૨૫૧૦૦૨૫૫

॥ વિદ્યાવૃત ॥

## ચારુતર વિદ્યામંડળની વી. પી. સાયન્સ કોલેજ અને એન. વી. સાયન્સ કોલેજની જ્વલંત સિદ્ધિ.

ચારુતર વિદ્યામંડળની વી. પી. સાયન્સ અને એન. વી. સાયન્સ કોલેજના તાજેતરમાં જાહેર થયેલ એસ. પી. યુનિ.ના બી.એસસી.ના પરિણામોમાં યુનિ.ના કુલ ૧૫ મેડલોમાંથી ૬ મેડલ વી. પી. સાયન્સ અને ૪ મેડલ એન. વી. સાયન્સના વિદ્યાર્થીઓએ મેળવ્યા. નેકમાં 'A' ગ્રેડ પ્રાપ્ત કરનાર આ બંને કોલેજોના વિદ્યાર્થીઓની આવી ઝળહળતી ફતેહની ચારુતર વિદ્યામંડળના પદાધિકારી સર્વે શ્રી ભીખુભાઈ પટેલ, ડો. એસ.જી. પટેલ, શ્રી મનિષ પટેલ, શ્રી આર. સી. તલાટી વગેરેએ પ્રશંસા કરી વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને બંને આચાર્યશ્રીઓને અભિનંદન પાઠવી ભવિષ્યમાં ઝળહળતી પ્રગતિના વધુ ધ્યેય સર કરવાની શુભેચ્છા પાઠવી હતી.


ઉન્નતિ અરવિંદભાઈ પટેલ (ત્રણ ગોલ્ડ મેડલ)


હિમાબાનુ ઈકબાલ દિવાન


અનુજ વિનોદ પટેલ


કાર્તિકકુમાર વિજયભાઈ વાઘેલા

(વી. પી. સાયન્સ કોલેજ)


રોશની જી. આસવાણી


પાર્થિવ દેવાંગકુમાર અમીન


પ્રાંજલ જીતેન્દ્ર અમીન


રીયા અરુણ સાનીચાલ

(એન. વી. સાયન્સ કોલેજ)

## સત્યેન્દ્રનાથ બોઝ

**(૧ જાન્યુઆરી, ૧૮૯૪ - ૪ ફેબ્રુઆરી, ૧૯૭૪)**

**શ્યામ ખંભોળજા**

સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર અને ક્વોન્ટમ યંત્રશાસ્ત્રમાં પાયાનું સંશોધન કરનાર સત્યેન્દ્રનાથ બોઝનો જન્મ ૧ જાન્યુઆરી, ૧૮૯૪ના રોજ બંગાળી પરિવારમાં કલકત્તા ખાતે થયો હતો. મેટ્રિકની પરીક્ષા ઈ.સ. ૧૯૦૯માં પાસ કરીને તેઓએ પ્રેસિડેન્સી કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યાં તેમણે જગદીશચંદ્ર બોઝ, પ્રફુલ્લચન્દ્ર રે અને શારદા દાસ જેવા ધુરંધર પ્રોફેસરોના માર્ગદર્શનમાં અભ્યાસ કર્યો હતો. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ગણિત વિષય સાથેના અભ્યાસક્રમ પ્રથમ નંબરે પાસ કરીને સત્યેન્દ્રનાથ બોઝે ઈ.સ. ૧૯૧૬માં કલકત્તા યુનિવર્સિટીમાં રીસર્ચ સ્કોલર તરીકે સંશોધન કાર્ય શરૂ કર્યું હતું. સાથે સાથે તેઓએ કલકત્તા યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં લેકચરર તરીકે નોકરી મેળવી હતી. બોઝના સહાધ્યાયી મેઘનાદ સાહા હતા, જેઓની ગણના ભારતના અગ્રગણ્ય ભૌતિકશાસ્ત્રીમાં થાય છે. બોઝ અને સાહાએ સાથે મળીને સાપેક્ષવાદના સિદ્ધાંત પર કામ કર્યું હતું. ઈ.સ. ૧૯૨૧માં બોઝ ઢાકામાં (વર્તમાન બાંગ્લાદેશ) આવેલી ઢાકા યુનિવર્સિટીમાં રીડર તરીકે જોડાયા હતા, જ્યાં તેમણે નવનિર્મિત ભૌતિકશાસ્ત્ર વિભાગમાં લેબોરેટરીઓની રચના કરી હતી. આ સમયમાં ભૌતિકશાસ્ત્રમાં ક્વોન્ટમ યંત્રશાસ્ત્રમાં પાયાનું કાર્ય વિશ્વસ્તરે થઈ રહ્યું હતું. ન્યૂટનના ગતિના નિયમો પરમાણ્વીય સ્તરની ઘટનાઓ સમજાવી શકતા નથી અને તેના માટે એક સંપૂર્ણ નવા યંત્રશાસ્ત્ર એટલે કે ક્વોન્ટમ યંત્રશાસ્ત્રની શોધ થઈ. ક્વોન્ટમ યંત્રશાસ્ત્રમાં પાયાની થીયરી પ્લાંક નામના વૈજ્ઞાનીકે આપેલી સંપૂર્ણ કાળા પદાર્થની ઉત્સર્જકતાને લગતી હતી. જે 'થીયરી ઓફ બ્લેકબોડી રેડીયેશન' તરીકે ઓળખાય છે. ઢાકા યુનિવર્સિટીમાં રીડર તરીકે કામ કરતી વખતે બોઝે આ થીયરીના સમીકરણો એક મૌલિક રીતે તારવ્યા હતા, જેનો જર્મન ભાષામાં અનુવાદ ખુદ આલ્બર્ટ આઈનસ્ટાઈને કર્યો હતો. બોઝના આ સંશોધનનો અનુવાદ કરનાર કોણ તે પ્રશ્ન થોડા સમય પહેલા કૌન બનેગા કરોડપતિમાં પણ પૂછાયો હતો!!! (મતલબ કે ભૌતિકશાસ્ત્રનું સારું જ્ઞાન તમને કરોડપતિ પણ બનાવી શકે છે) બોઝના આ સંશોધનના પગલે તેમને ડી બ્રોગલી અને મેરી ક્યુરી જેવા ધુરંધરો સાથે કાર્ય કરવાની તક મળી હતી. ક્વોન્ટમ યંત્રશાસ્ત્રમાં આ પાયાના સંશોધન બાદ ભૌતિકશાસ્ત્રમાં એક ત્રીજા યંત્રશાસ્ત્ર એટલે કે સ્ટેટેસ્ટિકલ મીકેનીક્સમાં પણ બોઝ અગત્યનું કામ કરે છે. સ્ટેટેસ્ટિકલ મીકેનીક્સમાં આદર્શ વાયુમાં કણોની ગતિ સમજાવવા માટે મેકસવેલ-બોલ્ટ્ઝમેન સંભાવના વિધેયનો ઉપયોગ થાય છે, જે ક્લાસિકલ સ્ટેટેસ્ટિકલ મીકેનિક્સ અંતર્ગત આવે છે. જેવી રીતે ઈલેક્ટ્રોન જેવા ૧/૨ સ્પીન ધરાવતા કણોની ગતિની સમજૂતી માટે ફર્મી-ડીરાક સ્ટેટેસ્ટિક્સ અસ્તિત્વમાં છે તેમ ફોટોન જેવા પૂર્ણાંક સ્પીન ધરાવતા કણો માટે બોઝે આઈનસ્ટાઈન સાથે મળીને કરેલું પાયાનું સંશોધન બોઝ-આઈનસ્ટાઈન સ્ટેટેસ્ટિક્સ તરીકે ઓળખાય છે. આ બંને સમજૂતીઓ સાથે મળીને ક્વોન્ટમ સ્ટેટેસ્ટિક્સની રચના કરે છે. બોઝના આ પાયાના સંશોધન બદલ ડીરાકે બોઝ-આઈનસ્ટાઈન સ્ટેટેસ્ટિક્સને અનુસરતા કણોને બોઝોન તરીકે ઓળખાવ્યા હતા. બોઝ-આઈનસ્ટાઈન કન્ડેનસેટ (ઘનીકરણ)ની થીયરી પણ બોઝના સંશોધનને આભારી છે. ઢાકા યુનિવર્સિટીમાં ડીન તરીકે કામગીરી કર્યા બાદ ઈ.સ. ૧૯૪૭માં ભારતના ભાગલા થતા બોઝ કલકત્તા પાછા આવ્યા હતા, જ્યાં તેઓએ ઈ.સ. ૧૯૫૬ સુધી અધ્યાપન કાર્ય કર્યું હતું. નિવૃત્તિ બાદ તેઓ વિશ્વભારતી શાંતિનિકેતનના કુલપતિ બન્યા હતા. બોઝ અનેક વિષયોના નિષ્ણાત હતા. ભૌતિકશાસ્ત્ર સિવાય તેમણે રસાયણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, માનવશાસ્ત્રમાં પણ ઉત્તમ કાર્ય કર્યું હતું. તેઓ રવીન્દ્રનાથ ટાગોર અને કાલિદાસની કવિતાઓના ઉપરાંત સંગીતના અભ્યાસુ હતા. બંગાળી તેમની માતૃભાષા હોવાથી તેમણે બંગાળી ભાષાના જતન અને સંવર્ધન માટે અનેક પ્રયત્નો કર્યા હતા. આ માટે ભૌતિકશાસ્ત્રના સંશોધનપત્રોનો તેમણે બંગાળીમાં અનુવાદ કર્યો હતો. બંગાળી ભાષા ઉપરાંત તેઓ અંગ્રેજી, ફ્રેંચ, જર્મન અને સંસ્કૃત ભાષાના સારા જાણકાર હતા. બોઝના સમ્માનમાં દેશના ઘણા સંસ્થાનો/વિભાગોનું નામકરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત તેમને ભારત સરકાર દ્વારા પદ્મવિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. ભૌતિકશાસ્ત્રમાં તેમના પ્રદાન બદલ અનેક વખત નોબેલ પુરસ્કાર માટે મનોનીત કરવામાં આવ્યા હતા. ૪ ફેબ્રુઆરી, ૧૯૭૪ના રોજ તેમનું મૃત્યુ થયું હતું.

---

પ્રાધ્યાપક, બી એન્ડ બી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી,
વલ્લભવિદ્યાનગર, મો. ૯૯૯૮૮૮૩૮૬૯



ISSN 0976 – 9609

# કોવિડ-૧૯: એક નવો સંદર્ભ - નવી નજરે

ઉજ્જવલ ત્રિવેદી

સૂક્ષ્મજીવોના અભ્યાસને આવરી લેતી જીવવિજ્ઞાનની એક અગત્યની શાખા-સૂક્ષ્મજીવવિજ્ઞાન (માઈક્રોબાયોલોજી) માનવજાત માટે છેલ્લા દસ દાયકાઓથી અતિ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહેલ છે. આ વિદ્યાશાખાની એક પેટા શાખા તબીબી સૂક્ષ્મજીવવિજ્ઞાન (Medical Microbiology) કે જે સંક્રમિત રોગોના અભ્યાસ સાથે સંકળાયેલ છે તેનું મહત્ત્વ ૨૦૨૦ના આ 'કોવિડ કાળ'માં અનેક ગણું વધી ગયું છે.

સૂક્ષ્મજીવો સાથેનો આપણો નાતો આજ-કાલનો નથી. પૃથ્વી પર અન્ય ઉચ્ચ પ્રજાતિઓ અસ્તિત્વમાં આવી તેના ઘણા વર્ષો પહેલાંથી સૂક્ષ્મજીવો અસ્તિત્વ ધરાવે છે. તેઓ અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપ્ત છે. અરે! જ્યાં આપણા જેવા મનુષ્યો માટે અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ થઈ પડે તેવા કઠિન વાતાવરણમાં પણ પછી તે અતિ ઉચ્ચ તાપમાન હોય કે પછી કાતિલ હાડ થિજાવતી ઠંડી હોય, રણનું સૂકું ભઠ્ઠ વાતાવરણ હોય કે પછી સાગરના પેટાળનું અતિઉચ્ચ દબાણ હોય, પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સક્ષમ હોય છે. સૂક્ષ્મજીવોએ શરીરની બહાર વાતાવરણમાં આપણી આસપાસ જ નહિ પરંતુ આપણા શરીરને પણ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે. આપણા શરીરમાં $૧૦^{૧૪}$ (૧૦ ટ્રીલીયન) જેટલા સૂક્ષ્મજીવો વસવાટ કરે છે, જે આપણા શરીરમાં રહેલા કોષોની કુલ સંખ્યા કરતાં પણ ૧૦ ગણા છે. આપણી જીવનક્રિયા સૂક્ષ્મજીવો સાથેના આપણા સહઅસ્તિત્વથી જ સંભવ છે. સૂક્ષ્મજીવો આપણા શરીરમાં સામાન્ય રીતે કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડયા વગર સુખ-શાંતિથી વસવાટ કરે છે.

પરંતુ આ સ્થાપિત સંવાદિતા કેટલીક વખત ખોરવાઈ જાય છે અને એવું બને છે કે આ સૂક્ષ્મજીવો અને તેમના યજમાન (Host) વચ્ચે સંબંધોનું સંતુલન ડગમગવા લાગે છે જે યજમાનને એક અસાધારણ જૈવિક પરિસ્થિતિમાં મૂકી દે છે. જેને આપણે 'રોગ'(Disease) તરીકે ઓળખીએ છીએ. આ અસાધારણ અવસ્થા નિવારવા ઉચિત સારવારની જરૂર હોય છે. ઘણી વખત આપણા શરીરની બહાર રહેલા સૂક્ષ્મજીવો પણ આપણને સંક્રમિત કરે છે અને આપણામાં સ્થાયી થવાનો પ્રયત્ન કરે છે. ત્યારે આવા સૂક્ષ્મ જીવોને 'પરોપજીવી'(Pathogens) તરીકે ઓળખવામાં આવે છે જે અમુક પ્રકારના સંક્રમિત રોગો માટે જવાબદાર હોય છે.

પાછલી સદીમાં (મુખ્યત્વે વીસમી સદીના ઉત્તરાર્ધ સુધી) સંક્રમિત રોગો અને સંક્રમણની પ્રક્રિયા વિષે સારી એવી સમજણ વિકસિત થઈ અને ચિકિત્સાક્ષેત્રે ઘણા ખરા સંક્રમિત રોગોના નિદાન અને સારવાર-ઉપચારના ઉપાયો પણ અસ્તિત્વમાં આવતા ગયા.

આપણી આ સમજણ થકી સંક્રમિત રોગોને નાથવા-નાબૂદ કરવાના ઘણા ઉપાયો આપણે શોધી શક્યા છીએ અને અમુક રોગોને તો જડમૂળથી નેસ્તોનાબૂદ કરવામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી ચૂક્યા છીએ. આપણા આ સઘન પ્રયત્નોથી માનવજાતનું સરેરાશ આયુષ્ય ૪૦ વર્ષથી વધી ૭૦ વર્ષ સુધી લંબાઈ ગયું છે. આવનારા સમયમાં આપણે 'ઇચ્છામૃત્યુ'ને પણ પામીએ તો નવાઈ નહિ તેવું વર્તાઈ રહ્યું છે.

પરંતુ મહામહેનતે માનવજાતે ધારણ કરેલી આ અવસ્થાને ૨૦૨૦ની શરૂઆતમાં જ પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયું છે. અને જોત-જોતામાં પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. આખું વિશ્વ જાણે કે કોરોના વાયરસ સામે શરણાગતિ સ્વીકારી નતમસ્તક થઈ થંભી ગયું છે. કોવિડ-૧૯ નામનો આ ફ્લુ જેવો વાયરસ કે જે આક્રમક રીતે આપણને સંક્રમિત કરવાની પણ પોતાને બચાવી લેવાની કળામાં નિપૂણ છે જેનું જનીનિક સ્તરે તેના પૂર્વજોને અનુલક્ષીને ઘણું સંશોધન થઈ ચૂક્યું છે. પરંતુ આ વાયરસની જે પ્રજાતિએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે તેના વિષે નિષ્ણાંતો પાસે સચોટ માહિતીનો અભાવ છે. કોવિડ-૧૯ વાયરસના આ અવતારે તો માનવશાસિત સુવિકસિત વિશ્વ સામે એક ગંભીર ખતરો ઊભો કરી દીધો છે.

અહીં ઉપરોક્ત પરિસ્થિતિને અનુલક્ષીને બે મહત્ત્વના પ્રશ્નો ઉદ્‌ભવે છે કે આપણા સંબંધિત ક્ષેત્રના અપાર જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીના વિકાસ છતાં આપણે ક્યાં થાપ ખાઈ ગયા? આપણા પ્રયાસોમાં શું ત્રુટી રહી ગઈ? કે આ તબક્કે આપણે કોવિડ-૧૯ના સંક્રમણ સામે આટલી લાચારી અનુભવીએ છીએ. આ પરિસ્થિતિને કઈ રીતે નિવારી શકાય? કોઈ ઉપાય ખરો?

આપણા સૂક્ષ્મજીવશાસ્ત્રના અભ્યાસ દરમ્યાન વિકસેલ સમજણ મુજબ સંક્રમણથી થતા રોગો એ પરોપજીવ અને યજમાન વચ્ચે થતી એક પારસ્પરિક ક્રિયા છે. આપણે ૧૯મી સદીના અંત સુધીતો 'જર્મન થીયરી ઓફ ડિસિઝ' ને અનુલક્ષીને સંક્રમિત રોગોના સંદર્ભે હંમેશા પરોપજીવને જ વધારે પ્રાધાન્ય આપ્યું છે એટલે કે સંક્રમણ માટે પરોપજીવ જ જવાબદાર હોય છે ઉદાહરણ તરીકે ટાયફોઈડ માટે સલ્મોનેલા (*Salmonella*) ક્ષય(Tuberculosis) માટે *Mycobacterium Tuberculosis* અને ફ્લૂ માટે ઈન્ફલૂએન્ઝ (*Influenza*) વાયરસ વગેરેનો સમાવેશ કરી શકાય. આ ક્ષેત્રના ગહન અભ્યાસ દરમ્યાન આપણે સમજતા થયા કે સંક્રમિત રોગો માટે ફક્ત પરોપજીવ જ નહિ પરંતુ પરોપજીવ અને યજમાન વચ્ચે થતી જૈવ-રાસાયણિક ક્રિયા-પ્રતિક્રિયા પણ અતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આપણે પહેલા પ્રશ્નનો જો ઉત્તર આપવાનો પ્રયાસ કરીએ તો આ અંગે નોંધનીય બાબત એ છે કે યજમાન અને પરોપજીવ વચ્ચે થતી ક્રિયા-પ્રતિક્રિયા એક સરખી હોતી નથી. એવી ઘણી વ્યક્તિઓ છે જે સંક્રમિત તો થઈ પરંતુ એમાં રોગના લક્ષણો ન દેખાયા. એ પણ જરૂરી નથી કે એક જ યજમાન વારંવાર પરોપજીવના સંપર્કમાં આવ્યો હોય તેવી વ્યક્તિમાં રોગના લક્ષણો દેખાશે જ. ઘણા વ્યક્તિઓમાં પરોપજીવ સાથે સંપર્કમાં આવ્યા પછી રોગના લક્ષણો દેખાયા અને મૃત્યુ પણ પામ્યા. આ જુદી-જુદી પરિસ્થિતિઓ સૂચવે છે કે સંક્રમણ વ્યક્તિ ઉપર કયા પ્રકારની અસર કરશે તેનો આધાર ફક્ત પરોપજીવ જ નહિ પરંતુ યજમાન પર પણ અને ખાસ કરીને પરોપજીવ અને યજમાન વચ્ચે થતી પારસ્પરિક ક્રિયાઓ પર જ આધાર રાખે છે. આમ છતાં આપણે પરોપજીવને જ હંમેશા રોગ માટે જવાબદાર ઠેરવીએ છીએ આ તો એવું થયું કે પતિ-પત્ની વચ્ચે છૂટાછેડા થાય તો દોષનો ટોપલો માત્ર પતિને માથે ઢોળવામાં આવે. અહીં કહેવાનો આશય એ છે કે આપણે યજમાનના સ્વાસ્થ્ય અને જૈવિકક્રિયાઓ પરત્વે પૂરતું ધ્યાન આપ્યું નથી. અને સમગ્ર ધ્યાન પરોપજીવને ડામવા કે નાબૂદ કરવા પર જ કેન્દ્રિત કર્યું છે. આપણે પરોપજીવ વિષે ઘણું જાણતા હોઈએ છીએ જેમ કે તેનો પ્રકાર કયો છે, કઈ રીતે સંક્રમણ કરે છે, કયા માધ્યમથી કરે છે વગેરે વગેરે.... પરંતુ આટલો જ અભ્યાસ આપણે યજમાન સંદર્ભે કર્યો નથી, કે એવા કયા યજમાન છે કેવી તેમની જીવનશૈલી-જીવનપ્રક્રિયા છે જેની મદદથી તે આવા ઘાતક પરોપજીવીને માત આપવા માટે સક્ષમ બને છે.

માનવજાત એ યુદ્ધપ્રેમી પ્રજાતિ છે. ઇતિહાસમાં ડોકિયું કરીશું તો જણાશે કે કોઈ ને કોઈ સમયે કોઈ પણ પ્રકારે માનવ જાત યુદ્ધ અથવા તો યુદ્ધ જેવી અવસ્થામાં જોવા મળી છે. જ્યારે ક્ષણિક નુકસાન અસહનીય હોય ત્યારે થોડો સમય શાંતિ સમજૂતી કરી લે છે પણ એ ફરી યુદ્ધ કરવાને બળવત્તર બનવા માટે.

આજે હાલના તબક્કે આપણે કોરોના વાયરસ સામેની આપણી જંગમાં વાયરસ સાથે શાંતિ અને સંવાદિતા સ્થપાય તેની સંભાવનાઓ તલાશ કરી રહ્યા છીએ. આમ તો દરેક સજીવનો મૂળભૂત સ્વભાવ 'ટકી રહેવાનો' હોય છે. પછી એ આપણે હોઈએ કે કોરોના વાયરસ જેમ આપણે વિકસવાની અને વૃદ્ધિ પામવાની ઝંખનાને સંતોષવા નવા-નવા રહેઠાણે-મુકામે નિવાસ કરી વસવાટ કરીએ છીએ તે રીતે આ વાયરસ પણ નવા-નવા યજમાનોમાં, પછી તે પશુ હોય કે મનુષ્ય વનસ્પતિ હોય કે કીટક પોતાના જીવનચક્રને સફળતાપૂર્વક પૂર્ણ કરવા એક રહેઠાણ શોધી જ કાઢે છે અને જીવનચક્ર પૂરું થતા જ પોતાની લીલા આટોપી યજમાનને અલવિદા કરી દે છે.

કોરોના વાયરસ માટે આપણે પણ આવું જ એક રહેઠાણ છીએ. કોઈ પણ પ્રજાતિ પોતાના યજમાનનો સંપૂર્ણ વિનાશ નોતરતી નથી આપણે ફરજિયાત આ વાયરસનો નાશ કરીએ તે જરૂરી નથી પરંતુ તેના સંક્રમણ દરમ્યાન પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયા દરમિયાન આપણું પલડું ભારે રહે તે માટે, આપણા અસ્તિત્વને ટકાવી રાખવા માટે આપણી જાતને જૈવિક રીતે સશક્ત બનાવવી અનિવાર્ય થઈ પડે છે, જેથી કરીને આપણે આ વાયરસનો મક્કમતાથી સામનો કરી શકીએ.

'કોરોના સાથેનું સહજીવન'નો નારો સમાજમાં-દુનિયામાં ગુંજી રહ્યો છે ત્યારે આ સમજૂતીસભર નારો કોરોના સાથે શાંતિ-સંધિ સમાન લાગી રહ્યો છે, જે આપણે આપણા જૈવિક સશક્તિકરણ થકી જ કરી શકીશું જે આપણા બીજા પ્રશ્નનો ઉત્તર હોઈ શકે.

---

પ્રોફેસર, માઈક્રોબાયોલોજી વિભાગ, બી.આર.ડી.સ્કૂલ ઓફ બાયોસાયન્સીઝ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર

મો.: ૯૪૨૮૪૮૯૧૫૯



ISSN 0976 – 9609

# V. P. & R. P. T. P. SCIENCE COLLEGE

**Dr. Bhavesh Patel**

**The Emergence:**

What is today known as Vallabh Vidyanagar, was a wooded ravine where no one dared to live. The conviction that 'strong villages make a strong nation' led two strong minded people Shri Bhaikaka and Shri Bhikhakaka to visualize an educational township in Charutar so that education could serve as an able instrument of rural change. This dream was blessed by none other than the two great sons of India Mahatma Gandhi and Sardar Vallabhbhai Patel. Under a desolate mango tree, the two visionaries sketched out a blueprint of their vision.

In 1945, Shri Bhaikaka and Shri Bhikhakaka registered a Public Charitable Trust : The Charutar Vidya Mandal (CVM) and in the glorious tradition of Nalanda and Takshashila, they laid the foundation of a model township (on borrowed land, thanks to the generosity of the neighbouring villages) the foundation stone for which was laid by Jawahar Lal Nehru India's first Prime Minister.

Sardar Vallabhbhai Patel inaugurated VP Mahavidyalaya the first college to come up in the newly established town in 1947 with 600 students. The college is named after Vitthalbhai Patel, a freedom fighter and the First Indian President of the Central Legislative Assembly under the British rule, Initially, VPM, as the college is still fondly known, was an Arts and Science College affiliated to Bombay University Teachers, their spouses, students, citizens, everybody voluntarily laboured to bring this college up.

The college started functioning with first lecture delivered by the then Vice-Chancellor of Mumbai University Justice M.C. Chagla. Then in 1948, the P.G. Programme in M.A. and M.Sc. too were started.

Today, Vitthalbhai Patel & Rajratna P.T. Patel Science College is one of the oldest Science colleges in Gujarat. Since 1959 it has been fully devoted to Science. Since then it has not looked back and has gone from strength to strength catering to the educational aspirations of students belonging to more than 40 villages around Anand and Vallabh Vidyanagar. This college caters to a strength of more than 1500 students offering degree courses in basic Sciences in Chemistry, Physics, Microbiology, Botany, Zoology, Electronics, Mathematics, Statistics, Computer Science, Industrial Chemistry, and vocational courses like BCA, Industrial Chemistry (Vocational), and Instrumentation, and 16 Add on Courses to improve the employability of our students.

**Academics:**

**Courses Offered:**

- BSc Degree Courses in Chemistry, Physics, Microbiology, Botany, Zoology, Electronics, Mathematics, Statistics, Computer Science Industrial Chemistry.
- Vocational Courses: Degree Courses in Computer Application (BCA), Industrial Chemistry, and Instrumentation.
- PhD Centre for Microbiology, Botany, Zoology, Physics, Electronics, Chemistry, Industrial Chemistry, Environmental Science, & English

**Infrastructure**

- The college building is flanked by a well maintained garden with a variety of trees. The garden lights run on Solar Power. The garden area also includes a Botanical Garden and an Open Classroom. In tune with global concern for water conservation, water harvesting is practiced in the college.
- The college campus is spread over an area of 4.2 Acres and boasts of a huge college building which can be called a heritage structure. All the well -ventilated classrooms have ICT facilities. All departments have their own departmental library and well- equipped laboratories besides research labs (those which are research centres.)

- Being in tune with the growing dependence and requirement of ICT and digital resources the college has separate library equipped INFLIBNET, SOUL 2 software and with latest RFID technology for issue return. Reading room with Internet (10 Computers) and photocopy facility. A dedicated Internet Lab with 30 computers has been provided for students. The bandwidth speed is between 5 to 10 MBPS.
- Only college in Anand dist to be installed with NAMO WI_FI
- Separate Boys' and Girls' hostels in the close vicinity of the college.
- Huge Central hall right in the middle of the college with good acoustics. For cultural activities.
- A small but well- equipped gymnasium, indoor sports facilities and a huge play -ground for outdoor sports activities.
- Canteen facility.

**Faculty:**

- The college is proud of its highly qualified, experienced and motivated faculty. More than 70% of the faculty members have Ph.d. as their highest qualifications the average professional experience of the faculty is 25 years.
- In the recent years four faculty members were honoured as the best Science Teacher by Gujarat Science Academy.
- Many faculty members have been to foreign Universities for Post Doctoral Work, Paper presentations and International Faculty Development Program.
- Many faculty members are members of National International Bodies in their respective fields.

**Research Atmosphere /climate**

- The college has a Research cell that monitors research activities in the college. The college has university recognized research centres in the subjects of Chemistry, Industrial Chemistry, Micro-biology, Electronics, Physics, Zoology, Botany and English.
- 16 faculty members are recognized as PhD Guides by Sardar Patel University.
- From 2013 till date, 31 students have completed PhD and 234 papers have been published by the faculty in various national and International Journals. College faculty also has projects (completed and ongoing) worth more than Rs 98 lakhs from various agencies.
- A few faculty members have also been abroad in International conferences to present their research work.
- Many Faculty members honored by CVM Gaurav Puraskar.

**Students' Centric Activities**

- The college has also MoUs with 5 "A" Graded Science colleges of Gujarat to foster mutual student- faculty exchange, and also with several industries to encourage industrial visits, and training for students.
- Orientation Program on the very first day of the college for new students.
- Fresher's party for newly admitted students arranged by senior students.
- Teacher - counselor for each group of 30-35 students and weekly meetings.
- Special Orientation for SC, ST, OBCs and Minority students to create awareness about Govt. scholarships.
- 16 Add-On courses Certificate Courses approved by Sardar Patel University in various subjects to increase employability.
- PDP [Personality Development Programme] for all students.
- Bridge Courses for those coming from Gujarati medium students.
- Remedial classes for all.
- Students Central Committee activities, through various clubs.
- Entrepreneurship Development Cell of Gujarat Govt. has been established in college to promote entrepreneurship among students.
- Leadership development opportunities of clubs through post of Secretary of clubs.
- Sports Activities managed by students in Hostel.


ISSN 0976 – 9609

- Facilitation of Students participation in various examinations conducted by external bodies like Cambridge Placement Test, Minaxi-Lalit Science Exam, NGPE
- Training for Competitive Exams like UPSC, GPSC, Bank, Railway.
- Publishing of Annual College Magazine for giving students the opportunity to bring out their creativity.
- Exit meeting every year for outgoing TYBSc Students.

**Physical Fitness, Sports, NCC and NSS.**

- Dedicated and motivated faculty for Sports, faculty In-charge for NCC & NSS
- **Sports:**

1) Under an able and highly motivated PTI, the college has been consistently excelling in inter college sports competitions and in recent years the college has won team championships and individual medals as well.

2) Many have gone on to represent the Sardar Patel University in the Inter-University Sports Meets at Regional, Zonal and National levels.

- Due to dedicated faculty In charges, NCC & NSS there is consistent enrollment and participation in various camps, activities at local, zonal and national level events.

**Social Responsibilities by College:**

- Guidance by IQAC to sister institutes and in Gujarat colleges for NAAC Accreditation.
- Guidance by college Librarian to update library infrastructure in surrounding colleges(Bar Coding, RFID etc)
- Regular blood donation to Red Cross by students and faculties every year.
- Plastic waste collection from Eco tourist and religious places in Gujarat by students of NSS.
- Collection of National Flags from roadside on all National Festivals by NSS students.
- Distribution of paper bags prepared by NSS Students.
- Faculty visits to the surrounding schools for Career counseling.

**The Legacy of V P Science College**

- Eminent personalities like Pandit Jawaharlal Nehru, Nobel Laureate Dr. C.V. Raman, Shri Prithviraj Kapoor and many more had visited the college on various occasions.
- The college has won the award of The Best Science College of Gujarat on THREE Successive occasions.
- Students of our college have won a total of 27 + Gold medals in External theory from 2013- 2020.
- We were also recognized as a College with Potential for Excellence twice among 145 colleges from India.
- The college was ranked 61st in India in the college category in 2017.
- Ours was the first college in S P University to apply for NAAC in 2007.
- We were the first to get “A” from NAAC under new guidelines in 2020.
- The college got “A+” from KCG in the year 2020
- GSRIF awarded 4 stars to college in 2020.
- No incidence of sexual harassment or ragging till date.
- A rich legacy of alumni over the years spread across the world.
- Regular interaction of the college with parents, alumni and retired teachers.

**In conclusion:**

Charutar Vidya Mandal under the able leadership of its Chairmen from the past to the present has always been extremely supportive of our endeavours and believed in us even in the most challenging times and we have been able to prove our mettle. We are determined to carry forward this rich legacy and continue to stay relevant the higher education scenario with our courses, teaching methodology and in our responsibility towards the society in shaping productive and strong human recourse as envisioned by our founding fathers.

Principal, V.P. & R.P.T.P. Science College,
Vallabh Vidyanagar-388120, Dist. Anand
Mo.: 9586442019

## Convocaation Address on the Occassion of 63rd Annual Convocation of Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat

**Dr. Shekhar C. Mande**

Hon'ble Governor of Gujarat, Shri Acharya Devvrat, Hon'ble Vice Chancellor, Sardar Patel University, Prof. Shirish Kulkarni, Hon'ble Members of the Academic Council, Management Council, Senate, Deans of Faculties, learned faculty members, proud parents, friends, and the august Class of 2019.

Thank you everyone for the generous invitation to the 63rd Annual Convocation of the Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat. It is a pleasure and privilege for me to be here at one of the early residential rural universities of the country, created to serve the country through rural regeneration, at the inspiration of the Iron Man of India, Sardar Vallabhbhai Patel. Today is also the death anniversary of Sardar Vallabhbhai Patel and we all pay our respects to his memories.This university is a living monument to the great Sardar in his own native place. I am proud to mention here that this is the first and only university of Gujarat to be recognized as a Center of Excellence in applied polymers, a status conferred upon only 17 universities of the country by the UGC. It provides all the comforts and amenities of urban life with a typical environment of a rural countryside.

For the graduating students, today is a special moment. It is the result of years of hard work and dedication on your part, and on the part of your teachers as well as your family members. The years when you plowed through different problem sets, spent many sleepless nights browsing through notebooks, spent anxious days awaiting your examination results have gone by and today you are the graduates of one of the premier Universities of India. Today, no one can be more proud of your achievements than yourselves.

You are about to embark on the next chapter of your lives. Your job now, as you embark on this next chapter, is to pause and think about what's important to you, not what is important to your parents or your friends or your teachers or your facebook/twitter/Instagram followers. But think about what's important to you in your gut and in your heart. And if that scares you, that's good, and if people say you're crazy, that's even better. Feel what your passion is. What excites you when you think about it? Pursue that feeling. Because if you are pursuing something that you are not passionate about, you simply may not have the will to succeed. Now onward try taking your own decisions. However, I will urge you not to make the cardinal mistake of thinking that success is also your very own. Always remember to acknowledge the contribution of your team members and be positive in your interactions with them.

The future of the world awaits your contributions, and that is a very exciting thought at the same time placing responsibilities on the shoulders of each of you. I am certain that there are future leaders of Indian society in all spheres in this gathering today, and I do look forward to your progress in the coming years.

As a Scientist myself, I cannot but help in making a few comments on the scientific outlook towards the world that you would help develop further. Science teaches us many things-the foremost among them- equality in the society on all fronts- gender, race, socio-economic status, linguistic and geographical boundaries being all immaterial as far as equality is concerned. Science teaches us that we believe in evidence in all aspects of our lives- and that we do not believe in hearsays and in phenomena that have no sound rational basis. Science teaches us that there are gaps in our understanding of the world, but yet these are being addressed by a large group of scientists around the world, whom we trust. Most importantly in my view, Science teaches us that as a dominant species on the planet, we human beings have a very big responsibility to take care of the planet and that we do not use the natural resources indiscriminately. One of the most profound realizations of our lifetime has been the forceful adjustment of Nature and our surroundings to our needs, rather than adjusting ourselves with the Nature. There has thus been a serious confrontation between our species and the environment, which we will need to correct in

 ISSN 0976 – 9609

the coming generations of humanity for our own survival. Developing Scientific outlook therefore will allow the younger generation, beyond the glory of your graduation today, to analyze such aspects critically and take corrective actions whenever necessary.

The arrival of COVID-19 as a pandemic in the early part of the year 2020 threw many challenges at the society which people were not prepared for. The pandemic has created an unprecedented urgency to become self-reliant. India needs to enlarge its manufacturing capabilities, so that dependence on foreign countries can be limited to only a bare minimum of necessities and a crisis originating in a remote land does not leave a major impact on the country's economy. Supply-chain disruptions due to the pandemic and other geo-political reasons have led to a growing concern on our dependence on other countries for critical products and technologies. The Honourable Prime Minister has urged the nation to come together to build a self-reliant India, an "Atmanirbhar Bharat". In response to this call, CSIR wishes to utilize its manpower and research capabilities to its full potential to fulfil this dream of a self-reliant India in the most critical sectors.

I am a proud member of the CSIR family, which can deservedly take many credits for such applications. From developing the indelible ink, to the development of the first tractors for mechanization of agriculture to development of milk powder, to until recently- developing indigenously developed aircraft, and Jet BioFuels, CSIR’s contributions to nation development have been immeasurable. During this pandemic situation CSIR worked with various industry partners in a collaborative manner and came up with required products in time. Starting from March when there were hardly any PPEs being manufactured with very few testing centers for COVID-19, today India is able to produce sufficient PPEs and has scaled up its testing significantly. As per ICMR as of 27th October 10,54,87,680 cumulative total samples have been tested. Our efforts have borne fruit and in a short period of less than 6 months, we have been able to not only develop the entire process of synthesis for Remdesivir and Favipiravir and ensure indigenous supply chain of key intermediates but also developed novel diagnostic tools such as the FELUDA. The need of the hour is to do some out-of-the box thinking while looking for solutions. In fact, a non-invasive ventilator, SwasthVayu was developed by CSIR-NAL, the laboratory working on aerospace technologies.

Hard Lessons or Revelations from the Pandemic for Post COVID-19 World is the need for a Self Reliant India. Three areas need immediate attention and policy interventions

1. Pharmaceutical manufacturing base (APIs and Drug Intermediates) of India has shrunk to alarming levels and shifted to China, South-East Asia & CIS counties (Affordable medicines and Jobs)
2. Medical devices and diagnostic sector: Almost all the components (reagents, enzymes, antibodies and equipment) are imported threatening the health security in the time of crisis
3. Glaring gaps (lab to regulator) in translational expertise/infrastructure for faster repurposing/ development of new therapeutics and vaccines in the extreme emergencies

We have to prepare robust supply chains for all supplies and better resource management, with less dependence on external factors for major resources especially those of strategic importance.

Science and Technology has played a major role in bringing our nation where we are today. Development of scientific outlook, and the connection of Science and Technology with the society are therefore of utmost importance for the development of the nation. To bring further affluence in India comparable to that in the developed economies, I am sure that the young graduates in this audience will take up challenges of the society and with application of Science and Technology we will witness great progress in the coming years.

I understand that the graduating students are anxious about finding suitable employment. In this regard I would like to recall an opinion expressed by the Honorable President of India, Shri Ram Nath Kovind Ji, that the best universities and institutions of learning are not just teaching shops or degree factories. Rather, they are the sources of innovation. "Innovation" is the buzzword of 21st century, innovation and enterprise are the foundation stones of making India a developed economy, and a long-term sustainable

technology-led economic growth is possible on this foundation. Innovation and new technology will decide future direction of development.

Finally, I am very happy that I have been able to be with you during this important milestone of your lives. I congratulate all of you on your achievements. Your degree will be with you, but most importantly, the knowledge and the values which you learned so far will keep guiding you wherever destiny will be taking you. Be worthy of yourself, have a good life! Your future is in your hands. Congratulations again!

Director-General Council of Scientific and Industrial Research (CSIR). New Delhi

**।। વિદ્યાવૃત ।।**

## સી.વી.એમ. યુનિવર્સિટી ઇનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ સેન્ટરનું શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાના હસ્તે વર્ચુઅલ ઉદ્‌ઘાટન

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સદા અગ્રેસર તથા ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટીઓમાંની એક એવી વલ્લભ વિદ્યાનગર સ્થિત સી.વી.એમ યુનિ. ખાતે ઇનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ સેન્ટર (CVMUISC)નું તાજેતરમાં તા. ૨૭/૧૧/૨૦૨૦ ના રોજ વર્ચુઅલ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

સી.વી.એમ યુનિ.ના માનનીય પ્રમુખ શ્રી ભીખુભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વર્ચુઅલ ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા દ્વારા સી.વી.એમ યુનિ. ઇનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ સેન્ટર (CVMUISC)નું વર્ચુઅલ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા એ એમના પ્રેરણાત્મક પ્રવચનમાં જણાવ્યું હતું કે CVM યુનિવર્સિટીએ CVMUISC સેન્ટર શરૂ કરીને એક સારી શરૂઆત કરી છે અને અન્ય યુનિવર્સિટીઓએ પણ આમાંથી પ્રેરણા લઈને પહેલ કરવી જોઈએ. તેમણે સ્ટાર્ટઅપ અને 'સમસ્યાનું સગવડ સાથે સમાધાન'નું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે વિદ્યાર્થીઓને સંશોધન અને સ્ટાર્ટઅપ માટે એક પ્લેટફોર્મ અને વિશાળ તકો પૂરી પાડી શકાય એ માટે CVM યુનિ. અને ગુજરાત સરકાર સાથે મળીને આ અનોખી પહેલ કરી છે. માનનીય શ્રી ભુપેન્દ્રસિંહજીએ વધુમાં ઉમેર્યું હતું કે વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીઓએ સાથે મળીને આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આત્મ નિર્ભર ભારત, સ્વચ્છતા અભિયાન જેવી અનેક પહેલનું સ્વપ્ન વહેલી તકે સાકાર કરવાનું છે.

આ કાર્યક્રમ નિમિતે શ્રીમતી અંજુ શર્મા (પ્રિન્સિપલ સેક્રેટરી, હાયર એન્ડ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત સરકાર), શ્રી એમ. નાગરાજન (ડાયરેકટર હાયર એજ્યુકેશન), શ્રી નારાયણ મધુ (જોઈન્ટ કમિશનર, હાયર એજ્યુકેશન), શ્રી હિરણ્મય મહંતા (CEO i-Hub), જેવા વિવિધ મહાનુભાવો દ્વારા પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમના દ્વારા SSIPની અગત્યતા, પેટન્ટસ, સ્ટાર્ટઅપ જેવા મહત્ત્વના મુદ્દા પર વિશેષ માર્ગદર્શન પૂરું પડાયું હતું.

આ પ્રસંગે CVMUISC સેન્ટર શરૂ થવા બદલ રાજ્ય કક્ષાના માનનીય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ શુભેચ્છાઓ પાઠવી હતી. CVM યુનિ.ના પ્રમુખ તથા ચારુતર વિદ્યામંડળના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ તથા ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ અને ચારુતર વિદ્યામંડળના અન્ય હોદ્દેદારો એ SSIP અને ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર માનીને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

CVMUISC કો-ઓર્ડીનેટર ડો. વિશાલ સિંઘ (પ્રિન્સિપાલ, ADIT)ના જણાવ્યા મુજબ CVMUISC નો મુખ્ય ઉદેશ વિદ્યાર્થી ઓને સંશોધન અને સ્ટાર્ટઅપ માટે પ્રેરિત કરીને એમને વિપુલ તકો પુરી પાડવાનો છે. આ વર્ચુઅલ ઓનલાઈન પ્રોગ્રામને વિદ્યાર્થીઓ અને અન્ય શુભચિંતકોએ બહોળી સંખ્યામાં નિહાળ્યો હતો. CVMUISCના કો-કોઓર્ડિનેટર ડો. યશવંત પટેલ દ્વારા આભાર વિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામા આવ્યું હતું.

**।। ભૂલ સુધાર ।।**

વિ-વિદ્યાનગરના ડિસેમ્બર ૨૦૨૦ (અંક-૧૨, સળંગ અંક ૫૯૦)માં પાના નં.: ૩૬ ઉપર છપાયેલ લેખ વિરલ વિભૂતિ સરદારના લેખિકાના નામમાં મુદ્રણ દોષ રહી ગયેલ છે લેખિકાનું નામ 'રમા પરમાર' વાચવું

તંત્રી મંડળ


ISSN 0976 – 9609

# જેટલા વધારે રમતનાં મેદાનો એટલાં ઓછાં દવાખાનાં

પી.ડી.શર્મા

'જેટલાં વધારે રમતનાં મેદાનો એટલાં ઓછાં દવાખાનાં'- આ જર્મન કહેવતનો અર્થ કેટલો સરળ અને સ્વાભાવિક લાગે છે! જો આપણે આ કહેવતનો ઊંડાણથી વિચાર કરીએ તો એની મેળે જ સ્પષ્ટ થઈ જાય છે કે રમતોનાં મેદાનોની સંખ્યા અને દવાખાનાંઓની સંખ્યા વચ્ચે સીધે સંબંધ છે. રમતનાં મેદાનોની સંખ્યા વધારવાનો અર્થ એ છે કે સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્યને સારું રાખવું અને આ રીતે તેમને દવાખાનાંઓથી દૂર રાખવા. મોટા ભાગે રોગી વ્યક્તિઓ માટે દવાખાનાંઓની સગવડ કરવામાં આવે છે. જો આપણે આનાથી એક કદમ આગળ જઈએ અને નાગરિકોના સ્વાસ્થ્યને માંદગીથી બચાવવામાં આવે તો આપણે ઉપચારની સગવડોની એટલી જ ઓછી જરૂર પડશે. આથી જ તો કહેવામાં આવે છે કે 'Prvention is better than cure' એટલે કે માંદા જ ન પડાય અને તેનો પહેલેથી ઉપાય કરાય તે જ મહત્ત્વનું છે.

## ખુલ્લાં મેદાનો અને સ્વચ્છ વાતાવરણ

સારી તંદુરસ્તી રાખવા માટે ઘણી બધી વસ્તુઓની જરૂર પડે છે, જેમકે સંતુલિત અને પૌષ્ટિક આહાર, સ્વચ્છ વાતાવરણ, યોગ્ય પ્રકારની કસરતો વગેરે. રમતનાં ખુલ્લાં મેદાનો અને સ્વચ્છ વાતાવરણ વ્યાયામ કરવા માટેનાં ખૂબ જ મહત્ત્વનાં સાધનો છે. આજે તો મોટાં શહેરોમાં ખુલ્લાં મેદાનો મળવા ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે ત્યાં જમીનોની ખૂબ જ તંગી હોય છે, તેથી રમતોનાં મેદાનો માટેની શક્યતાઓ ઘણી ઓછી હોય છે . આ રીતે મોટાં શહેરોનાં વાતાવરણમાં પ્રદૂષણ ફેલાય છે અને એની સીધી અસર નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર પડે છે. રમતનાં મેદાનો ફક્ત વાતાવરણ શુદ્ધ રાખવા જ મદદ નથી કરતાં પરંતુ રમતોના કૌશલ્યોના વિકાસમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

## રમતો દ્વારા શિક્ષણ અને વ્યાયામ

રમવું એ એક પ્રાકૃતિક ક્રિયા છે. બાળકોને જન્મથી જ રમવામાં રસ હોય છે. આ વાતને ધ્યાનમાં રાખીને જ આજે 'રમતો દ્વારા શિક્ષણ' પદ્ધતિ નાનાં બાળકોના શિક્ષણ માટે વિશેષરૂપથી અમલમાં આવી છે. વ્યાયામ કરવાની આમ તો કેટલીક રીતો છે, છતાં પણ 'રમતો દ્વારા વ્યાયામ'ને સૌથી શ્રેષ્ઠ રીત માનવામાં આવે છે. કારણકે એનાથી શરીરના બધા અવયવોને ફક્ત કસરત જ નથી મળતી, પરંતુ જીવનમાં ઉપયોગી થાય તેવી ટેવો, જેવી કે રમતની ભાવના, સમૂહ ભાવના, શિસ્ત વગેરેનો વિકાસ થાય છે. મનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ રમતોનું ઘણું મહત્ત્વ છે. કારણ કે રમતો દ્વારા માનવી પોતાની કેટલીય જન્મજાત પ્રાકૃતિક વૃત્તિઓ જેવી કે દોડવું, કૂદવું, ફેંકવું, પોતાના વિરોધીને હરાવવો અથવા બીજાઓને પ્રભાવિત કરવા વગેરે પૂરાં કરી શકાય છે. સામાજિક દૃષ્ટિએ પણ ફુરસદના સમયનો ઉપયોગ ગમતી રમત રમીને કરીને શકાય છે. આ બધી વસ્તુઓની સાથે સાથે છે રમતો દ્વારા જે મનોરંજન રમત રમનારાઓને અને જોનારાઓને મળે છે, એનું તો કહેવું જ શું? આ જ કારણથી રમતોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ અથવા ક્રિકેટ મેચો જોઈને લાખો લોકો મનોરંજન પ્રાપ્ત કરે છે.

## રમતનાં મેદાનો અને સગવડો

રમતો દ્વારા આંતરરાષ્ટ્રીય ભાવના, દેશપ્રેમ, ચારિત્ર્યનિર્માણ, શિસ્ત જેવા ગુણોનો વિકાસ પણ થાય છે. આજના યુવાન વર્ગમાં આ ગુણોનો વિકાસ રમતો દ્વારા સહેલાઈથી કરી શકાય તેમ છે. જો આપણે ઇતિહાસનાં પાનાં ફેરવીને જોઈએ તો, આપણને જણાશે કે મહાન નેપોલિયનને વિલિંગ્ડને વૉટરલૂના મેદાનમાં હરાવ્યો હતો. આ બંને વીર પુરુષોનો વિકાસ ઈંગ્લેન્ડના હેરો અને ઈટનનાં મેદાનો પર થયો હતો. જીવનમાં રમતોનું આટલું મહત્ત્વ હોવા છતાં આજની શિક્ષણ પદ્ધતિમાં રમતોને એટલું સ્થાન નથી અપાતું, જેટલું આપવું જોઈએ. મોટા ભાગની શાળાઓ તથા કૉલેજોમાં રમતનું મેદાન અને રમતની સગવડો ફક્ત નામમાત્રની જ હોય છે. આની સીધી અસર બાળકોના સ્વાસ્થ્ય ઉપર પડે છે. આથી ખૂબ જ જરૂરી છે કે ભારતીય શાળાઓ તથા કોલેજોમાં રમતોનાં મેદાનો અને સગવડો વધારવી જોઈએ.

## શરીરને તંદુરસ્ત રાખવા માટે

આ રીતે એ વાતમાં કોઈ બે મત નથી કે શરીરને તંદુરસ્ત રાખવા માટે રમતોનાં મેદાનોનો ફાળો ઘણો અગત્યનો છે. તંદુરસ્ત શરીરનું મહત્ત્વ સમજીને પ્રાચીન કાળથી 'પહેલું સુખ તે જાતે નર્યા' ને માનવામાં આવ્યું છે. આજથી હજારો વર્ષો પહેલાં ગ્રીક લોકો પણ 'સાઉન્ડ માઈન્ડ ઈન સાઉન્ડ બોડી' અર્થાત્ 'તંદુરસ્ત શરીરમાં

તંદુરસ્ત મગજ હોય છે'ના સિદ્ધાંતમાં પૂરો વિશ્વાસ રાખતા હતા અને આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને તેઓએ એમની શિક્ષણ પદ્ધતિ તૈયાર કરી હતી. આપણા શાસ્ત્રોમાં પણ 'शरीरमाद्यम् खलु धर्मसाधनम्'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થાય છે કે ધર્મની સાધના કરવા માટે શરીર એક માધ્યમ છે.

### જીવનમાં પ્રગતિ કરવા માટે

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે રોગી માણસની સરખામણીમાં નિરોગી માણસ વધારે કામ કરી શકે છે. જો કે કામ કોઈપણ પ્રકારનું કેમ ન હોય. જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે તંદુરસ્ત શરીર હોવું અત્યન્ત જરૂરી છે. નિરોગી માણસની પ્રગતિ રોગી માણસની સરખામણીમાં જલ્દી થાય છે. દેશના વિકાસ માટે વધારે ઉત્પાદન કરવું જરૂરી છે, અને વધારે ઉત્પાદન કરવા દેશના નાગરિકોનું સ્વાસ્થ્ય સારું ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને ભારત જેવા વિકાસશીલ દેશ માટે તો ખૂબ જ જરૂરી છે

### રમતોના વિકાસ માટે

વધારે 'રમતોના મેદાન' ફક્ત નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રાખવામાં જ મદદ નથી કરતાં, પરંતુ સાથે સાથે રમતોના વિકાસમાં પણ ઘણો જ સારો ફાળો આપે છે. આજે આંતરરાષ્ટ્રીય ધોરણે જે દેશો રમતોમાં આગળ છે, એનું એક મુખ્ય કારણ ત્યાં વધારે રમતોનાં મેદાન તથા બીજી રમતગમતની સગવડો છે. દાખલા તરીકે મારા જર્મનીના અભ્યાસ દરમ્યાન મેં જોયું હતું કે તે દેશ તો 'જેટલાં વધારે રમતનાં મેદાનો એટલાં ઓછાં દવાખાનાં' એ સિદ્ધાન્તનું પૂરેપુરું પાલન કરે છે.

### સામાન્ય પ્રજા માટે

રમતના મેદાનોની સગવડ જો મોટા પાયા પર હોયતો મોટા ભાગની પ્રજા એનો ઉપયોગ ખૂબ જ સહેલાઈથી કરી શકે છે. કેટલીક ભારતીય રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો વગેરે તો ઓછી જગ્યામાં તથા ખૂબ જ ઓછાં સાધનોની મદદથી રમી શકાય . જો મેદાન મોટું હોય તો ફૂટબૉલ જેવી રમત પણ ખૂબ જ ઓછા સાધનોની મદદથી રમી શકાય છે. રમતના મેદાનનો ઉપયોગ તો નિયમિત રીતે દોડવા માટે પણ કરી શકાય છે. દોડવું એ નૈસર્ગિક ક્રિયાની સાથે સાથે સંપૂર્ણ વ્યાયામ પણ છે. નિયમિત રીતે દોડવાથી અથવા બીજા પ્રકારનો વ્યાયામ કરવાથી શરીરનાં બધા તંત્રો વ્યવસ્થિત રાતે કામ કરતાં રહે છે, જેવા કે પાચનતંત્ર, રૂધિરાભિસરણતંત્ર, શ્વસનતંત્ર, અસ્થિતંત્ર, વગેરે આ રીતે આપણે કોઈપણ રીતે વિચાર કેમ ન કરીએ, મોટા ભાગની પ્રજાનું સ્વાસ્થ્ય સારું રાખવામાં રમતોનાં મેદાનોનો ફાળો મહત્ત્વપૂર્ણ છે.

વધારે રમતોનાં મેદાનોની સીધી અસર નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર અને રમતોનાં ધોરણ ઉપર પડે છે. તેથી આપણી સરકારે, સામાજિક સંસ્થાઓએ તેમજ સામાન્ય જનતાને રમતોનાં મેદાનોનું મહત્ત્વ સમજવું જોઈએ. કારણ કે માંદા માણસોને તંદુરસ્ત રાખવા માટે જે પૈસો, દવાખાનાં તથા દવાઓ પાછળ ખર્ચ કરવો પડે છે, એની જગ્યાએ રમતોનાં મેદાન તથા રમતોની સગવડોને વધારવા માટે કરવામાં આવે તો સામાન્ય નાગરિકના સ્વાસ્થ્યને સુધારવામાં આ એક મહત્ત્વપૂર્ણ તથા નક્કર પગલું સાબિત થઈ શકે છે. આ રીતે એ વાતમાં કોઈ બે મત નથી કે 'જેટલાં વધારે રમતનાં મેદાનો એટલાં ઓછાં દવાખાનાં' જર્મન કહેવત ભારતમાં પણ સામાન્ય પ્રજાનું સ્વાસ્થ્ય જાળવવામાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવી શકે તેમ છે.

B-1 Swiss Avenue, Patel Colony, Opp Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380 015. (R) 079-26564650 (M) 9898870840

॥ વિદ્યાવૃત્ત ॥

## સેમકોમ કોલેજનું ગૌરવ

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજના બે વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ માટે પસંદગી પામ્યા છે.

મેબીન ટી જોસેફને ડો. રજનીકાંત મૂળજીભાઈ પટેલ ગોલ્ડ મેડલ એમ કોમ ઈ-બિઝનેસમાં યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરીક્ષામાં સૌથી વધારે ગુણ મેળવવા બદલ મળશે.

જ્યારે વિવેક મોહનભાઈ લખવાનીને આશાભાઈ બાબરભાઈ પટેલ ગોલ્ડ મેડલ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બીબીએના અંતિમ વર્ષમાં સૌથી વધારે ગુણ પ્રાપ્ત કરવા બદલ મળશે. આ મેડલ માટે સેમકોમ કોલેજના વિદ્યાર્થીની પસંદગી સતત બીજી વખત થઈ છે.

CVM યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ, સેક્રેટરી, રજિસ્ટ્રાર તથા એકેડેમિક કાઉન્સિલના બોર્ડ મેમ્બર્સ તેમજ કોલેજના આચાર્ય ડો. વહીદા થોમસે હર્ષની લાગણી અનુભવતા બંને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી છે.

 ISSN 0976 – 9609





સી.વી.એમ યુનિ.ના માનનીય પ્રમુખ શ્રી ભીખુભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સી.વી.એમ યુનિ. ઇનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ સેન્ટર (CVMUISC)નાં વર્ચ્યુઅલ ઉદ્દ્ઘાટન સમારોહ પ્રસંગે પ્રેરણાત્મક ઉદ્દ્બોધન કરતા ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા તથા પ્રેરણાત્મક માર્ગદર્શન આપતાં શ્રીમતી અંજુ શર્મા (પ્રિન્સિપલ સેક્રેટરી, હાયર એન્ડ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત સરકાર), શ્રી એમ. નાગરાજન (ડાયરેક્ટર હાયર એજ્યુકેશન), શ્રી નારાયણ મધુ (જોઈન્ટ કમિશનર, હાયર એજ્યુકેશન), શ્રી હિરણ્મય મહંતા (CEO i-Hub) દશ્યમાન થાય છે. આ પ્રસંગે CVM યુનિ.ના પ્રમુખ તથા ચારુતર વિદ્યામંડળના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના અન્ય હોદ્દેદારો તથા CVMUISC કો-ઓર્ડીનેટર ડો. વિશાલ સિંઘ (પ્રિન્સિપાલ, ADIT) SSIP અને ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા નજરે પડે છે.

BOOK POST
January 2021

V-Vidyanagar 23 (1)
Published on 05.01.2021
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




Satyendra Nath Bose FRS was an Indian mathematician and physicist specialising in theoretical physics. He is best known for his work on quantum mechanics in the early 1920s, collaboration with Albert Einstein in developing the foundation for Bose–Einstein statistics and the theory of the Bose–Einstein condensate.

Editor: Dr. Urvish Chhaya

If undelivered, return to
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar.388 120